સુવિચાર
જન્મભૂમિના કલ્યાણની ઝંખના સ્વપ્નમાં પણ છોડી શકાતી નથી. જન્મભૂમિ માનવીનું સ્વર્ગ છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૬/૦૮/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ શ્રાવણ સુદ-૨ વર્ષ : ૧૫ અંક : ૨૦૧

ફ્રી નિદાન કેમ્પ
મગજ,કરોડરજ્જુ, મણકાના દર્દીઓ માટે
કયા દર્દીઓ લાભ લઈ શકે.
મગજ,કરોડરજ્જુ, મણકાના રોગો
પક્ષઘાત, આંચકી
મણકામાં ગાદી ખસી જવી
નસ પર દબાણ આવવુ
હાથ-પગમાં ખાલી ચડવી, સાયટીકા
અકસ્માતમાં મગજ-કમરમાં થયેલ ઈજા
ડો. લાલજી માંગુકીયા (એમસી.એચ.) કન્સલ્ટન્ટ ન્યુરોસર્જન
તારીખ :૦૬-૦૮-૨૦૨૪,મંગળવાર
સમય : સવારે ૧૦:૩૦ થી ૧:૦૦ સુધી
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,૯૯૭૮૨ ૨૩૦૦૦
ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦૦

## પવિત્ર શ્રાવણમાસનાં પ્રારંભે સોમવાર હોય શિવભકતોમાં ભકિતનાં ઘોડાપુર

# અમરેલીનાં નાગનાથ મંદિરમાં ‘‘શિવભકતો’’ની ભીડ ઉમટી

જિલ્લાનાં તમામ શિવાલયોમાં અભિષેક, મહાઆરતી અને દિવ્ય દર્શનનો લાભ શિવભકતોએ લીધો


જિલ્લાનાં સુપ્રસિધ્ધ નાગનાથ મંદિરને નવોઢાની જેમ શણગાર કરવામાં આવ્યો

વ્હેલી સવારની પ્રથમ આરતીથી લઈને મોડી રાત્રિ સુધી શિવભકતોએ દર્શન કરી ધન્યતા અનુભવી

સાવરકુંડલા, રાજુલા, ધારી, બાબરા, કુંકાવાવ, બગસરા, વડિયા સહિતનાં તમામ ગામો અને શહેરોમાં શિવાલયોમાં ભીડ ઉમટી








અમરેલી, તા. ૫

આજે પવિત્ર શ્રાવણ માસનો સોમવારે જ પ્રારંભ થતાં અમરેલી જિલ્લાનાં શિવાલયોમાં વ્હેલી સવારથી મોડિ રાત્રિ સુધી શિવભકતોએ ભગવાન ભોળાનાથને જલાભિષેક, દુધાભિષેક, પુષ્પાભિષેક, બિલીપત્ર, શેરડીનો રસ સહિતનાં દ્રવ્યો ધ્વારા અભિષેક કરીને ભગવાન શિવનાં આશીર્વાદ મેળવ્યા હતા. સમગ્ર જિલ્લાની જનતા શિવમય બની ચુકી હોય તેવો માહોલ જોવા મળ્યો હતો.

અમરેલી જિલ્લા સહિત સમગ્ર સૌરાષ્ટ્રનાં સુપ્રસિધ્ધ નાગનાથ મહાદેવ મંદિરમાં વ્હેલી સવારથી મોડિ રાત્રિ સુધી શિવભકતોની ભીડ ઉમટી હતી તો શિવાલયને નવોઢાની જેમ શણગાર કરવામાં આવ્યો હતો. તો શહેરનાં કામનાથ, ભીડભંજન, સુખનાથ, જીવન મુકતેશ્વર, બ્રહ્મેશ્વર, રામેશ્વર સહિતનાં શિવાલયો ઉપરાંત લીલીયા નજીક આવેલ અંટાળેશ્વર મંદિર અને સાવરકુંડલા, રાજુલા, જાફરાબાદ, ખાંભા, ચલાલા, ધારી, બગસરા, કુંકાવાવ, લીલીયા, વડિયા, બાબરા સહિતનાં શિવાલયો અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ ભકિતનાં ઘોડાપુર જોવા મળ્યા હતા.

### એક વર્ષથી માનસિક બીમારીથી કંટાળીને

## અરેરાટી : રાજુલાનાં માંડળ ગામે રહેતી પરિણીતાએ ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી

નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ

અમરેલી, તા. ૫

રાજુલા તાલુકાના માંડળ ગામે રહેતા અરવિંદભાઈ કેશુભાઈ રાઠોડ નામનાં ૨૨ વર્ષિય ખેડુતના પત્નિ મનીષાબેન છેલ્લા એક વર્ષથી માનસિક બીમારીની દવા લેતા હોય. જેથી તા. ૪ ના સવારના આશરે સાડા દસથી અગિયાર વચ્ચેના સમયગાળામાં માંડળ ગામે તેણીએ બીમારીથી કંટાળી જઈને પોતાની મેળે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ જતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### લાઠી ખાતે સંબધીને ત્યાં જવાની મંજૂરી ન મળતાં

## દામનગરનાં રાભડા ગામની યુવતીએ જંતુનાશક દવા પી લઈ અંતિમવાટ પકડી

માત્ર ૨૪ વર્ષની વયે આત્મહત્યા કરી લેતા અરેરાટી

અમરેલી, તા. ૫

લાઠી તાલુકાના રાભડા ગામે રહેતા અમરશીભાઈ નાગજીભાઈ પંચાસરાની દીકરી કોમલબેન નામની ૨૪ વર્ષિય યુવતીને લાઠી મુકામે તેમના સંબધીને ત્યાં જવુ હોય. પરંતુ તેણીની માતાએ સંબધીને ત્યાં જવાની ના પાડેલ અને પોતાની સાથે વાડીએ આવવાનું

અનુસંધાન પાના ૬ ઉપર

## બાબરાનાં નીલકંઠ મહાદેવને અનુપમ શણગાર

બાબરા, તા. ૫

બાબરાનાં શ્રી નીલકંઠ મહાદેવને પવિત્ર શ્રાવણ માસના પ્રથમ સોમવારે ફૂલોનો શણગાર કરાયો મંદિરનાં મહંત શ્રી ભાવેશગીરીબાપુ દ્વારા અનુપમ શણગાર કરવામાં આવ્યો હતો. જેનો ભાવીભકતોએ દર્શનનો લાભ મેળવ્યો હતો.



૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,250/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૫/૦૮/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

નારી વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ વી. કુબાવત (M.B.D.G.O.) (સ્ત્રીરોગ નિષ્ણાંત)
Diploma in Gynec Endoscopy (FRANCE)
ઉપલબ્ધ સુવિધાઓ :- નોર્મલ/જોખમી સિઝેરીયન ડીલીવરી, પેઈનલેસ (પીડા રહીત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/ખોડખાપણની સોનોગ્રાફી, ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન, વંધ્યત્વની વૈજ્ઞાનિક/આધુનિક સારવાર/IUI = ૨૪ કલાક કાર્યરત, લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.) (નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત)
ઉપલબ્ધ સુવિધાઓ : - રસીકરણ કેન્દ્ર, નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU, આહાર સંબંધીત સમસ્યાઓ, કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ/સારવાર, જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
ઓપીડી સમય : સોમ-શનિ, સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૮
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
(02792) 221324

## આઝાદી કાળનાં અમૃત મહોત્સવની ઉજવણી વખતે સ્થાનિકો ભારે પરેશાન

# અમરેલીનાં શાસ્ત્રીનગરમાં નર્કાગાર જેવી સ્થિતિ

**બિસ્માર માર્ગો, બેફામ ગંદકી અને પીવાનાં પાણીનો અભાવ સહિતની અગણિત સમસ્યાઓ**

**સ્થાનિકોએ અવારનવાર રજૂઆત કરી છતાં સમસ્યાનું કોઈ સમાધાન કરવામાં આવતું નથી**

**દર્દીને હોસ્પિટલ લઈ જવામાં કે બાળકોને શાળાએ જવામાં પણ ભારે પરેશાનીનો સામનો કરવો પડે**

**પાલિકાનાં શાસકો સ્થાનિકોને પ્રાથમિક સુવિધા ન આપે તો આંદોલનની ચીમકી**



અમરેલી, તા. ૫

આઝાદીનોઅમૃતમહોત્સવ સમય ગાળો ચાલી રહ્યો છે. ત્યારે મીઠા ફળો ચાખવા મળવાને બદલે આઝાદ ભારતના અમરેલી શહેરમાં છેવાડામાં આવેલ શાસ્ત્રીનગર સોસાયટીને અમૃતકાળનો કંઈક અલગ અહેસાસ હાલની અમરેલી નગરપાલિકા કરાવી રહી છે. ૭પ વર્ષ પછી પણ ગુલામ હોય એ રીતે તમામ પ્રકારના વેરા લેવામાં આવે છે પણ માનવ જીવનને જીવન જીવવામાટેએકપણમૂળભૂતજરૂરિયાત આપવામાં આવતી નથી.

શાસકોનેલેખીતઅનેમૌખિક અનેકવાર રજૂઆત કરવા છતાં રોડ, રસ્તા,પાણી,ગટર કે વીજળીજેવી કોઈ સગવડતા આપવામાં આવેલ નથી એક મનુષ્ય જીવન યાતનારૂપ અને બદતર પરિસ્થિતિમાં પસાર થઈ રહ્યું છે. હાલ નાનાભૂલકાઓશાળાએજઈ શકતા નથી કેકોઈબીમારમાણસનેસારવારઅર્થેલઈ જવોહોયતો પણ મુશ્કેલ થાય છે.

અગાઉ છ માસ પહેલા પાણીની લાઈન નાખવામાં આવેલ જે ટેન્ડર પ્રક્રિયામાં દર્શાવેલ કવોલિટી પ્રમાણેનેબદલેચિલાચાલુપાઈપનાખી કોઈ એન્જિનિયર મોનીટર વગર ઠેકેદાર નાખીને જતા રહેલ. એ લાઈનથી એક વખત પણ પીવાનું પાણી મળ્યું નથી પૂરી લાઈનદબાણથીબેસીતૂટીગયેલછેઅને બ્લોકવાળોસારોરોડતોડીનેઉપરએમ ખાડામાં પુરાણ કર્યા વગર જતા રહેલ જેના કારણે ખૂબ મોટા ખાડા બનવા પામેલછે.

આ શાસ્ત્રીનગરના તમામ રહેવાસીઓની માંગ છે કે, આ વિસ્તારમાં તાત્કાલિક સુવિધાઓ આપવામાં આવે અન્યથા ના છૂટકે સરકાર તમારે દ્વારે કાર્યક્રમ અપનાવવાની ફરજ પડશે.

## વિસાવદર પોલીસે યુધ્ધનાં ધોરણે કરી કામગીરી

# અમરેલીનાં પાણીયા ગામેથી કલાકોમાં અપહરણનો ભોગ બનનારને મુકત કરાયો

**ભોગ બનનારે હત્યા થશે તેવી દહેશત વ્યકત કરી હતી**



અમરેલી, તા. ૫

વિસાવદર પોલીસ તાબાના નાની પીડાખાઈ ગામે બનેલ અપહરણનાં ગુન્હાનાં આરોપીઓ અમરેલી જિલ્લાના પાણીયા ગામે ભોગ બનનારનું અપરણ કરી અને લઈ ગયેલ હોય, જે બાબતની વિસાવદરના પીએસઆઈ સુમરાએ ટેકનિકલ સોર્સ માંથી અને અંગત માહિતી મેળવેલ જે બાબતે ઉપલી અધિકારીની સુચના અને માર્ગદર્શન હેઠળ વિસાવદર પોલીસની સર્વલન્સ ટીમ અમરેલી જિલ્લામાં તપાસ અર્થે આવેલ હતી. અને આરોપીઓ મગન હરજીભાઈ પરમાર, (રહે. જેસીંગપરા અમરેલી), રમેશ હરીભાઈ સારોલીયા, (રહે. પાણીયા ગામ તા જી.અમડેલી), મનુ હરીભાઈ સારોલીયા, (રહે. પાણીયા ગામ તા.જી અમરેલી) ભોગ બનનારને અમરેલી જિલ્લાના તાલુકા વિસ્તારની હદમાં ભોગ બનનારને બંધક બનાવેલ અને આરોપીઓ છુપાઈ ગયેલ હોય, જેથી પી એસ આઈ શુર ઝએ ટેકનિકલ સોર્સ અને બાતમીદારોના મારફતે આરોપીઓને અમરેલી જિલ્લાના પાણીયા ગામ, જાળીયા ગામ, અમરેલી સીટી સ્લમ વિસ્તારમાં ત્રણ આરોપીઓને ભોગ બનનાર સાથે શોધી કાઢેલ હતા. જયારે આ બનાવના નાસતા ફરતા આરોપી છગન હરજી પરમાર, (રહે. જેસીગપરા જકાતનાડા અમરેલી તથા જગદીશ રાજુભાઈ વાઘેલા, (રહે. રોકડીયાપરા ચક્કરગઢ રોડ બાયપાસ એમરેલી) આમની શોધખોળ આદરેલ છે. આ બનાવમાં ભોગ બનનારે પોતાના પિતાને આરોપીઓ દ્વારા પોતાની હત્યાકરી નાખે તેવી દહેશત વ્યક્ત કરેલી હોય જેની ગંભીરતા સમજી વિસાવદર પીએસઆઈ સૂત્રએ સમય સૂચકતા અને સાવધાની પૂર્વક આરોપીઓને દબોચી લીધેલ છે.

## એકવીસમી સદી ચાલે છે કે એકવસમી તે સમજાતુ નથી

# ધારીમાં આખલા યુધ્ધનાં માહોલમાં બાઈક સવાર યુવાનો હડફેટે ચડી ગયા

**એક યુવકને ઈજાગ્રસત હાલતમાં સારવારમાં ખસેડાયો**

અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લામાં છેલ્લા ઘણાં જ સમયથી શહેરીવિસ્તારમાં રખડતા પશુ તથા ગીરકાંઠાના વિસ્તારમાં વન્ય પશુઓનો ત્રાસ વધી રહયો છે ત્યારે સ્થાનિક તંત્ર આ પશુઓના ત્રાસમાંથી લોકોનેમુક્ત કરાવી શકતું ના હોય આવી પરિસ્થિતિમાં લોકો પોતાનો જીવ ખોવે છેઅથવા પોતાના હાડકાંભાંગે છે. ત્યારે ધારીશહેરમાં આખલાનો ત્રાસથી આખું ગામ પરેશાન થઈ ઉઠયું છે. ત્યારે આખલાએ બે બાઈકને હડફેટે લેતાં એક યુવકને ગંભીર ઈજાઓ થતાં સારવાર માટેદવાખાનેખસેડાયોહતો. સદનસીબે યુવકનો જીવ બચી જવા પામેલ છે. આ ઘટનાનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થતાં લોકોમાં રોષ ભભુકી ઉઠયો છે. આ બનાવમાં પ્રાપ્ત વિગત મુજબ ધારી ગામે જુના બસસ્ટેન્ડ નજીકથી એક બાઈકસવાર પસાર થતો હોય ત્યારે આ વિસ્તારમાં કેટલાંક આખલાઓ યુધ્ધે ચડયા હોય ત્યારે આ સમયે આખલાઓએ બાઈક સવાર સહિત બે બાઈકને હડફેટે લેતાં એક યુવાનને ગંભીર ઈજાઓ થતાં તેમને સારવાર માટે દવાખાને ખસેડાયેલ છે.



અમરેલી શહેર સહિત સમગ્ર જિલ્લામાં આખલાઓ બાનમા લઈ અવાર–નવાર રાહદારીઓને હડફેટે લેતાં હોય અથવા તો આવા પશુઓના કારણે અકસ્માતની ઘટનાઓ સામે આવે છે.

## શાકભાજી પાકોમાં પ્રાકૃતિક ખેતી

# પ્રોત્સાહન સહાય યોજના અન્વયે તા. ૧૫ ઓગષ્ટ સુધી અરજી કરવી

અમરેલી, તા.૫

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનથી શાકભાજી પાકોમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાની યોજના અમલી છે. 'શાકભાજી પાકોમાં પ્રાકૃતિક ખેતી પ્રોત્સાહન સહાય' યોજના અન્વયે આઈ–ખેડૂત પોર્ટલ તા.૧૫ ઓગષ્ટ, ૨૦૨૪ સુધી ખુલ્લુ રહેશે. શાકભાજી પોકામાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાની યોજના અન્વયે ખેડુતોને બિયારણ, પ્રાકૃતિક ઈનપુટ ખેતી ખર્ચ માટે પ્રતિહેકટર રૂ.૨૦હજાર સહાય ચૂકવવામાં આવશે. અમરેલી જિલ્લામાં ખેડૂતો આ નવી યોજના અન્વયે પોર્ટલ http: // ikhedut.gujarat.gov.in મારફત અરજી કરી શકે છે.

# બાબરામાં બાળક શિવભૂષામાં



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

પવિત્ર શ્રાવણમાસમાં કાવ્યા બસિયાએ આગવી શિવભૂષામાં શણગાર સજી શિવ બાળકનાં દિવ્ય દર્શન કરાવ્યા હતા.

# બાબરામાં ફ્રેન્ડશીપ દિવસની ઉજવણી કરાઈ


બાબરા, તા. ૫

મિત્ર દોસ્ત ભાઈબંધ જીગરી કયાં કયાં નામથી સંબોધન કરીએ પણ દોસ્ત એટલે દોસ્ત દોસ્તીના સંબંધમાં બધું મળી જાય પુરાણ કથામાં પણ મિત્રતાના ઉદાહરણ મળી જાય કે મિત્ર કેવા હોવા જોઈએ કૃષ્ણ સુદામા, કર્ણ, દુર્યોધન જેવા અનેક આપી શકાય.

કહેવાય છે મિત્રતા વ્યકતના કરવાની હોય બસ નિભાવી જાણવાની હોય ત્યારે બાબરામાં ફ્રેન્સીપ દિવસની ઉજવણી નાના બાળકોમાં વધુ જોવા મળે છે બઝારોમાં મળતા ફ્રેન્સીપ બેલ્ટ બાળકો બાંધી પોતાની મિત્રતાનો અનેરો ભાવ વ્યકત કરે છે ત વડીલો પણ પોતાના જુના મિત્રોને મળી અથવા ફોન કરી શુભેચ્છાઓ પાઠવે છે અને જુના સ્મરણ વાગોળે છે.



# સાવરકુંડલ : એસએમજીકે સંકુલમાં બાળકો વચ્ચે સ્પર્ધા યોજાય



સાવરકુંડલા, તા. ૫

પીર તરીકત સૈયદ મોહમ્મદ (દાદાબાપુ) કાદરી ફાતમીની સરપરસ્તીમાં ચાલી રહેલ ૨૩૯ મસ્જિદ મદ્રાસામાં પઢતા ૧૨૫૦૦ થી વધુ બાળ કો વચ્ચે હરીફાઈ યોજાઈ હતી તેમાં સમગ્ર ગુજરાતના સુન્ની દારૂલ ઉલુમના હાફિઝ સાહેબો અને કારી સાહેબો વચ્ચે હરીફાઈ એસ.એમ.જી.કે શૈક્ષણિક સંકુલ/સાવરકુંડલા ખાતે યોજાઈ હતી. જેમાં ૩૯ કારી સાહેબો અને હાકિઝ સાહેબોએ આ હરિફાઈમાં ભાગ લીધો હતો. સાથોસાથ હિફઝની સાતમી હરીફાઈ અને કિરાઅતની ૧૨મી હરીફાઈમાં પહેલા, બીજા અને ત્રીજા ક્રમે આવનારને ૩૦,૦૦૦ ૨૦,૦૦૦ ૧૦,૦૦૦ અને તેમના ઉસ્તાદને ૧૦,૦૦૦ રોકડા ઈનામ સ્વરૂપે આપવામાં આવેલ અને ૨૯૩ મદ્રાસાની ૨૨ મી હરીફાઈમાં આપાઓને એક થી પાંચ વિષયમાં રૂપિયા ૮,૦૦૦, ૬,૦૦૦, અને ૪,૦૦૦ અને ૭ માં વિષયમાં ૪,૦૦૦, ૩,૦૦૦ ૨,૦૦૦ નું રોકડા ઈનામ આપવામાં આવેલ હતું.

આ પ્રોગ્રામમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓના વાલીઓ તેમજ સમાજના અગ્રણી વેપાર વડીલો હાજર રહ્યા હતા આ પ્રોગ્રામનું આયોજન ફૈઝે મુહંમદી એજયુકેશન વેલ્ફેર એન્ડ ચેરટેબલ ટ્રસ્ટ સાવરકુંડલા દ્વારા કરવામાં આવેલું હતું.

## એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

# રાજુલા : તલાટી મંત્રી ઉપર હુમલો કરનાર તમામ આરોપીઓની અટકાયત કરાઈ

**ઝડપાયેલ ૪ આરોપીઓ વિરૂધ્ધ કાર્યવાહી શરૂ**

અમરેલી, તા. ૫

દિપકભાઈ પ્રાગજીભાઈ બલદાણીયા (રહે.ભાવનગર) પોતાના મીત્રો સાથે બાબરીયાધાર ગામે ગઈ ૩૦ નારોજ સાંજના સમયે સોમનાથ મહાદેવ મંદીરે દર્શન કરવા આવેલ હતાં. તે વખતે સાંજના આશરે છ એક વાગ્યાના અરસામાં આરોપી રાજવીરભાઈ અમરૂભાઈ ઉર્ફે અમરાભાઈ ગીયડ, અનકભાઈ ઉર્ફે અનુ અમરૂભાઈ ઉર્ફે અમરાભાઈ ગીયડ, પ્રતાપભાઈ નનકુભાઈ ગીયડ તથા શિવદાનભાઈ જેહાભાઈ ગીયડ (રહે. તમામ અમુલી) એકસંપ કરી, લાકડી તથા લોખંડના પાઈપ જેવા હથીયારો ધારણ કરી જુની અદાવતનુ મનદુઃખ રાખી દિપકભાઈ પ્રાગજીભાઈ બલદાણીયાને લોખંડના પાઈપ તથા લાકડીથી જીવલેણ ઈજાઓ પહોંચાડેલ હોય, જે બનાવ અંગે દિપકભાઈ બલદાણીયા (તલાટી મંત્રી) આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવેલ હતી.



જે અન્વયે અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે ઉપરોકત બનાવ અન્વયે ફરાર થયેલ આરોપીઓને પકડી પાડવા ખાસ ટીમ તૈયાર કરવા સુચના આપેલ હોય,

જે અન્વયે સાવરકુંડલા ડીવીઝનના મદદનીશ પોલીસ અધિક્ષક વલય વૈદ્યની રાહબરી હેઠળ રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. આઈ.જે. ગીડા તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે.ડી.હડીયાનાઓએ રાજુલા પોલીસ સ્ટેશનની અલગઅલગ ટીમો બનાવી, ઉપરોકત ખુનના પ્રયાસ તથા રાયોટીંગનો ગંભીર ગુનો કરી ફરાર થયેલ આરોપીઓને બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે પકડી પાડવામાં સફળતા મળેલ છે.

## શહેરનાં શિવાલયોમાં ભારે ભીડ ઉમટી

# બાબરામા ખાતે પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ સોમવારે થતાં શિવભકતોમાં ભકિતના ઘોડાપુર

**મહાઆરતી, દીપમાળા સહિતનાં કાર્યક્રમો યોજાયા**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા,તા. ૫

બાબરામાં પ્રથમ સોમવારે શ્રાવણ માસ નો પ્રારંભ થતાં ભાવિકોમાં આજથી અનેરો આનંદ જોવા મળી રહ્યો છે આ વખતે શ્રાવણ માસમાં પાંચ સોમવાર આવતા હોવાથી શિવ મંદિરોમાં ભાવિકોની ભીડ વધુ જોવા મળી શહેરમાં અનેકશિવ મંદિર અતિપ્રાચીન પૌરાણિક અનેસ્વંયભૂહોવાનીમાન્યતાપ્રચલિતછે જેમાં જોઈએ તો નીલકંઠ મહાદેવ, શ્રી રિધેશ્વર મહાદેવ, શ્રી અજબે મહાદેવ, શ્રી ભીમનાથ મહાદેવ, શ્રી સોનપરી મહાદેવનો સમાવેશ થાય છે જેમાં શ્રી નીલકંઠ મહાદેવ અતિ પૌરાણિક અને મહા ભારત કાલીન હોવાની વ્યાપક માન્યતા છે કહેવામાં આવી રહ્યું છે કે મહાભારત સમય દરમિયાન પાંડવો વનવાસ દરમિયાન પંચાલ વિસ્તાર ભ્રમણ કરી રહ્યા હતા જેમાં તેઓ અહીં જગ્યાએ રોકાયા હતા અને અને શિવલિંગની સ્થાપના કરી મહાપૂજા કરતા હતા તે સમયે પાંડવો દ્વારા પાણી માટે પાંચ કુંડ પણ બનાવ્યા હતા જેની સાક્ષી આજે પણ પાંચ કુંડ પુરી રહ્યા છે હાલ વર્તમાન સમયમાં લોકો તર્પણ સહિતના પિતૃ કાર્યો અહીં પંચકુડે કરી રહ્યા છે તેમજ શ્રાવણી પૂનમે ભૂદેવો નૂતન જનોઈ પણ અહીં પંચકુંડ પાસે ધારણ કરે છે અને ઋષિ પાચમના દિવસે મહિલાઓ સ્નાન કરવામાં આવે છે પંચકુંડ પવિત્રતા આજે પણ જળવાઈ રહીછે જેના શ્રી નીલકંઠ મહાદેવની જગ્યા પંચકુંડ તરીકે પણ ઓળખવામાં આવે છે

પવિત્ર શ્રાવણ માસ મોટી સંખ્યામાં લોકો અહીં મહાદેવને વિવિધ દ્રવ્યોથીઅભિષેક કરી પૂજા અર્ચના કરે છે તેમજ મંદિરના મહંત ભાવેશગીરી બાપૂ દ્વારા દરોજ મહાદેવનો અનુપમ શણગાર કરવામાંઆવેછેતેમજસોમવારે દિપમાળા કરવામાંઆવેછેજેનાદર્શનનો લાભભાવિકોમેળવીધન્યતાઅનુભવેછે આ સિવાય મહા આરતી તેમજ મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો પણ યોજાયછેજેમાંહોંશેહોંશે ભાવિકો મોટી સંખ્યામાંજોડાયછેતેમજ શ્રાવણ માસના અંતિમ ચાર દિવસ અહીં ભાતીગળ લોકમેળો ભરાય છે જેને ભાદરવી અમાસનામેલાંતરીકેઓળખવામાંઆવે છેજેમાંબાબરાસહિતસમગ્રસૌરાષ્ટ્રના લોકો લોકમેળો કરવા આવે છે.

આમ કાલુભાર નદીના કાંઠે બિરાજતા શ્રી નીલકંઠ મહાદેવ રીઝવવા અનેતેનાદર્શનકરવાશહેરનાલોકોમોટી સંખ્યામાંપ્રવિત્ર શ્રાવણ માંઉમટી પડેછે.

## એક સમયે જિલ્લાનાં અર્થતંત્રમાં ભારે તેજીનો ઉભો કરનાર ઉદ્યોગ મરણ પથારીએ

# અમરેલી જિલ્લામાં ''હીરા ઉદ્યોગ''ને પુનઃ ધમધમતો કરવો જરૂરી


ગ્રામ્ય વિસ્તારમાં હજારો યુવાનોને રોજગારી આપનાર હીરા ઉદ્યોગ પ્રોત્સાહનનાં અભાવે બંધ હાલતમાં આવી ગયો

હીરા ઉદ્યોગનાં લીધે સંલગ્ન અન્ય ધંધા-રોજગારમાં પણ મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે

જિલ્લાનાં યુવાનો રોજગારીનાં અભાવે અન્ય મહાનગરોમાં સ્થળાંતર કરવા મજબૂર બની રહ્યા છે

રત્ન કલાકારો અને કારખાનેદારોને પુનઃ ઉભા કરી દોડતા કરવા માટે સરકારે ગંભીરતાથી વિચારવું જરૂરી





અમરેલી, તા. ૫

હીરા હૈ સદા કે લીયે વૈકિ બજારમાં સૌથી વધુ પોલિશનું કામ ભારતના સુરત, મુંબઈ અને સૌરાષ્ટ્રમાં થાય છે. પણ હીરા છેલ્લા ઘણા સમયથી કારમી મંદીમાં સપડાયેલા ૨૦૦૮ની મંદી કરતા પણ વધુ સમસ્યા ભોગવતા હીરા ઉદ્યોગના કારણે સૌરાષ્ટ્રભરમાં ઝાંખપ આવી. અન્ય પેટિયું રળતા વેપાર ધંધામાં રોજગાર ઉપર પણ તેની અસર પડી રહી છે. પેટના ખાડા માટે ઘરબાર, ખેતી, વાડી, માલમિલ્કત બધું છોડી હિજરત કરતા સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, બોટાદ અને તેમાંય નાના ગામડાઓ ભેંકાર બની રહ્યા છે. વિકાસની અસમાનતા અને રોજગારી છે સૌરાષ્ટ્રમાં કોઈ મોટા ઉદ્યોગ કે પાણી નહિ હોવાથી એક માત્ર ઘર આંગણે આપ બળે આગળ વધી હજારો હાથને હુન્નર આપતા દુજણી ગાય સમાન હીરા ઉદ્યોગની મંદીના કારણે અસંખ્ય રત્નકલાકારોએ આત્મહત્યાઓ કરી હોવાના વધતા કિસ્સા ચિંતાજનક રીતે વધ્યા. સૌરાષ્ટ્રભરમાં હીરા ઉદ્યોગના કારણે સંલગ્ન અન્ય નાના-મોટા વેપાર ધંધામાં રોજગાર ચાલી રહ્યા છે. સૌરાષ્ટ્રના હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા વેપારી, કારખાનેદારો, કોઈ હીરાની ખાણના માલિકો કે તવંગર નથી પણ હીરા પોલિસી એડનું લેબર કામ પ્રોસેસ માટે મેનેજમેન્ટ કરી આપબળે આગળ વધી પોતાના કારખાનાઓ રોકાણ કરી ઉભા કરી હીરા પોલીશિંગના યુનિટ દ્વારા હજારો ઘરોના ચૂલા પ્રજવલિત રાખી ઉન્નત મસ્તક રોજગારી આપી સરકારને વર્ષે દહાડે અબજો રૂપિયાનું પરોક્ષ કે પ્રત્યેક્ષ વિદેશી હૂંડિયામણ રળી આપતો સફેદ હાથી જેવા હીરા ઉદ્યોગ એક સમયે સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, બોટાદ, ગારીયાધાર, પાલીતાણા, લાઠી, લીલીયા, દામનગર સહિતના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાંથી વિશેષ પ્રમાણમાં દૈનિક હજારો રત્ન કલાકારો રીક્ષાઓ, ટુવ્હીલો, સાયકલોથી અપડાઉન કરી હીરાઘસુ ટિફિન લઈને આવતા. લાઠી, દામનગર, ગારીયાધાર, બોટાદ જેવા નાના સેન્ટરોમાં પરિવાર સાથે રૂમો શરૂ કરીને રહેતા. હીરાઘસુઓથી ધમધમતા હીરા ઉદ્યોગને કારણે અનેક નાના મોટા વેપાર ધંધા ફુલ્યા ફાલ્યાં હતા. પેટિયું રળતા રત્નકલાકારો હીરા ઉદ્યોગની ચમક માત્ર હીરા ઉદ્યોગ પૂરતી સીમિત નથી નાના શાકભાજી વાળાઓથી લઈ કરિયાણા, ગંધિયાણા, કટલેરી, હોજીયરી, સિનેમા ઘરો, ખાનગી પરિવહન, ચાની કીટલી, ટ્રાવેલ્સ, ખાણી પીણી, આંગડિયા, ઓટો અને મોબાઈલ સહિત વ્યાપક રીતે ખરીદ શકિતઓથી ધમધમતા અન્ય વેપાર ધંધા, રોજગાર હીરા ઉદ્યોગને આભારી રહ્યા છે. ત્યારે અબજો રૂપિયાનું વિદેશી હૂંડિયામણ દેશને રળી આપનાર હીરા ઉદ્યોગ માટે વાઘેલા સરકારમાં બંધ કરાયેલ ડાયમંડ વિકાસ બોર્ડ પુનઃ શરૂ કરી રત્ન કલાકારો માટેની યોજનાઓ ઘડી કાઢવી જોઈએ. હીરાઘસુઓની અલ્પ આવક સામે તેમના પરિવારોને આરોગ્ય, શિક્ષણ સબસીડી સહાય, વીમા ઈન્શ્યોરન્સ, અન્ન પુરવઠા, અન્ન સુરક્ષા જેવા લાભો આપવા જોઈએ. હીરા ઉદ્યોગ ઉપર નભતા પરિવારો પ્રત્યે ગુજરાત સરકારે વિચારવાનો સમય પાકી ગયો છે. અતિવૃષ્ટિ આપતી વાવાઝોડા, દુષ્કાળ, ભૂકંપ સહિતમાં કયારેય પાછી પાની ન કરી સૌરાષ્ટ્રને કપરા સમયમાં મદદ કરતા હીરા ઉદ્યોગને જ મદદની જરૂર છે.

એક સમયે દામનગર શહેરમાં ૧૫૦ જેટલા નાના મોટા કારખાનામાં પાંચ હજાર જેટલા હીરાઘસુ રોજગારી મેળવતા હતા સમગ્ર સૌરાષ્ટ્રના અનેક નાના સેન્ટરો હીરા ઉદ્યોગોથી સુરત સાથે મોટા પાયે અવરજવરથી જોડાયેલ ટ્રાવેલ્સ, ટ્રાન્સપોટ સહિત ધંધા રોજગાર ચાલતા હતા. હીરા ઉદ્યોગની મંદીના કારણે અન્ય વેપાર રોજગાર ઉપર હવે અસર વર્તાય રહી છે. ત્યારે સરકારે સહાનુભૂતિનો મલમ સમયોચિત લગાડે તે જરૂરી. ગામડા ભાંગતા અટકે તે માટે ગામડા અને શહેરીકરણ વચ્ચે વિકાસની અસમાનતા દૂર કરી ગામડાઓને પ્રોત્સાહન અપાય, ગામડાઓમાં સારા રસ્તા, આરોગ્ય, શિક્ષણ, પૂરતા પરિહવન, પાણી મળે તો કોઈ ને ઘરબાર, ખેતી, વાડી, મિલકત, વતન મૂકી કયાં જરૂર છે ભટકવાની? માત્ર ખેતી માટે પાણી મળે તો પણ પરિશ્રમથી પરિણામ લેતી આ વિસ્તારની જનતા રોટલો મેળવી શકે, પેટ માટે ભટકે નહિ, સામુહિક વિકાસની સમાનતા જળવાય તો પણ ગામડા ભાંગતા અટકે. ગામડાઓમાં કોઈ દીકરી દેવા તૈયાર નથી કારણ જમીન, મિલકત છે પણ રસ્તાઓ, પાણી, આરોગ્ય, ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થાઓ નથી પરિણામે સંતાનોના ભવિષ્ય માટે શહેરીકરણ વધ્યું. આ બધું ગામડામાં મળે તો નથી પરવડતું પરાણે પડયું રહેવાનું કોને ગમે ? અમુક પરિવારો તો શહેરમાં જઈને પણ મુંઝાળ રહ્યો છે. ભાડાંના મકાન, મામુલી ખાનગી નોકરી, ટિફિન લઈને ત્યાં પણ મજૂરી જ કરવાની છે તો ગામડે કેમ નહિ ? પ્રાથમિક સુવિધાઓનો અભાવ, જમીનનો 'પાતો' મૂકી પેટ માટે પોટકા ઉપાડતી પરિશ્રમી જનતાને જો પાણી મળે તો પરિણામ લાવી દે પણ સામુહિક વિકાસના સંસાધન મુઠીભર નેતાઓના હાથ માં હોય કરોડો અબજોના બજેટની વિકાસ માટે ફાળવણી થતી હોય ત્યાં બિચારા સૌરાષ્ટ્રવાસીઓનું કોણ વિચારશે.

### નગરપાલિકામાં અનેક ગોલમાલ હોવાની ફરિયાદ

## બગસરા : અનેક વિવાદોથી ઘેરાયેલ પાલિકાનો નવો છબરડો બહાર આવ્યો

### કર્મચારી દ્વારા પ્રાદેશિક નિયામક સહિત અનેકને રજુઆત

બગસરા, તા. ૫


બગસરા નગરપાલિકામાં અનેક ગોલમાલ હોવાની પાલિકાના વોટર વર્કસના કર્મચારી દ્વારા પ્રાદેશિક નિયામકને રજૂઆત કરવામાં આવેલ છે.

વિગત અનુસાર બગસરા નગર પાલિકાના વોટર વર્કસ વિભાગના કર્મચારી રફિકભાઈ હબીબભાઈ સૈયદ દ્વારા પ્રાદેશિક નિયામક સહિત અનેક અધિકારીઓને નગરપાલિકામાં ચાલતા ગોલમાલ વિશે જાણ કરવામાં આવેલ છે. તેમના જણાવ્યા અનુસાર નગરપાલિકામાં તેમના સહિતના કર્મચારીઓને માનસિક ત્રાસ આપવો, તેમજ લાગવકના જોરે કામગીરી સોંપવી, ફિકસ પગારના કર્મચારીઓના પગાર તિજોરી ખાલી હોવા છતાં રાતોરાત વધારી દેવા, નવા કર્મચારીઓ લેવાને બદલે જુના કર્મચારીઓના જ કોન્ટ્રાક રીન્યુ કરવા, પાલિકામાં જી.પી.એફ. શાખામાં થયેલ કેભાંડની તપાસ રોકી રાખવા, સહિતના અનેક આક્ષેપો કરવામાં આવેલ છે.

આ બાબતે પાલિકા પ્રમુખ જયોતનાબેન રીબડીયાના જણાવ્યા અનુસાર રફિકભાઈ સૈયદ પાલિકામાં અમરેલીથી અપ ડાઉન કરતા હોય અવાર નવાર ગેરહાજર રહેતા હોય છે. તેમજ તેમની કામગીરી યોગ્ય રીતે કરતા ન હોવાથી તેમને અધિકારીઓ સાથે વારંવાર ઘર્ષણ થતું રહે છે, તેથી તેઓ આવી અરજીઓ કરી તંત્રનો સમય બગાડતા હોવાનું જણાવ્યું હતું. રજૂઆત બાબતે ઉચ્ચ અધિકારીઓ તપાસ કરે તેવી રફિકભાઈ સૈયદ દ્વારા માંગ કરવામાં આવેલ છે.













### શેરબજાર મોટા કડાકા સાથે બંધ

# શેરબજારને ન ફળ્યો શ્રાવણનો સોમવાર, રોકાણકારોના અધધ કરોડ સ્વાહા

## સેન્સેક્સ ઘટીને ૭૮,૭૫૯ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ઘટીને ૨૪,૦૫૫ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો

મુંબઈ, તા.૫

શ્રાવણ મહિનાના સોમવારનો દિવસ ભારતીય શેરબજારને ફળ્યો નહોતો. સતત બીજા ટ્રેડિંગ સેશનમાં માર્કેટ રોકાણકારોને ઝટકો આપ્યો હતો. વૈશ્વિક વેચવાલીના કારણે સેન્સેક્સ ૨૨૨૨ પોઈન્ટના કડાકા સાથે બંધ રહ્યો હતો. નિફ્ટી ૨.૫ ટકા કડાકા સાથે ૨૪,૦૫૫ પર બંધ રહી. મિડકેપ ઈન્ડેક્સમાં ૩.૫ ટકાઅને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૪ ટકા ઘટાડો જોવા મળ્યો. ડોલર સામે રૂપિયો પણ ૮૩.૯૪ પૈસાના રેકોર્ડ સ્તરે બંધ રહ્યો. આજના કડાકા બાદ માર્કેટ કેટ ઘટીને ૪.૪૧ લાખ કરોડ થયું છે. આજના સત્રમાં રોકાણકારોના ૧૫ લાખ કરોડ રૂપિયા સ્વાહા થઈ ગયા છે.

શેરબજારમાં આવેલા આ ઘટાડાથી રોકાણકારોને એક જ સેશનમાં ૧૫.૫૦ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. આજના કારોબારના અંતે BSE સેન્સેક્સ ૨૨૨૨ પોઈન્ટ ઘટીને ૭૮,૭૫૯ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૬૬૨ પોઈન્ટ ઘટીને ૨૪,૦૫૫ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો.

બજારના આ ઘટાડાને કારણે ભારત ફોર્જ ૬.૧૮ ટકા, મધરસન ૯.૧૮ ટકા, LIC હાઉસિંગ ફાઈનાન્સ ૮.૩૪ ટકા, ટાટા મોટર્સ ૭.૩૧ ટકા, Mphasis ૪.૪૩ ટકા, ભારત ઈલેક્ટ્રોનિક્સ ૪.૧૯ ટકા, હિન્દુસ્તાન કોપર ૬.૭૧ ટકા, નોલ્કો ૬.૬૨ ટકા, SAIL ૭૬ ટકા, ઓએનજીસી ૬.૦૧ ટકા, જીએમઆર એરપોર્ટ ૫.૬૧ ટકાના ઘટાડા સાથે બંધ થયા હતા.

આજનો દિવસ છેલ્લા ૫૭ વર્ષમાં તાઈવાનના શેરબજાર માટે સૌથી ખરાબ ટ્રેડિંગ દિવસ સાબિત થયો છે. એશિયન બજારોમાં જાપાનનું સૌથી અગ્રણી બજાર Nikkei ૨૨૫ આજે ૧૨.૪ ટકાના જંગી ઘટાડા સાથે બંધ થયું હતું. ૧૯૮૭માં બ્લેક મન્ડે પછીનો આ સૌથી મોટો વન-ડે ઘટાડો સાબિત થયો છે. જાપાનમાં પણ ૩૭ વર્ષનો ઘટાડાનો ઐતિહાસિક રેકોર્ડ તૂટી ગયો હતો.

જયારે અમેરિકન બજારોમાં બેરોજગારીનો દર અને કેટલાક અન્ય આર્થિક આંકડાઓ અપેક્ષા કરતા વધુ ખરાબ હતા ત્યારે અમેરિકામાં મંદીનો ભય સમગ્ર વિશ્વ માટે ખરાબ સંકેત તરીકે આવ્યો હતો જે શુક્રવારથી શરૂ થયેલ ઘટાડાનું સુનામી આજે 'બ્લેક મન્ડે'માં ફેરવાઈ હતી. શુક્રવારથી વૈશ્વિક શેરબજારોમાં વેચવાલીનો ટ્રેન્ડ હતો, જે આજે વૈશ્વિક સેલઓફમાં પરિવર્તિત થયો હતો.

# વન વિભાગની ભરતી પરીક્ષા આપ્યા બાદ ઉમેદવારોનો વિરોધ

## નોર્મલાઈઝેશન સાથે માર્ક્સ જાહેર કરવા અને તમામ ઉમેદવારોના રિઝલ્ટ PDF પ્રમાણે જાહેર કરવાની માંગ

ગાંધીનગર, તા.૫

ગુજરાતમાં વન વિભાગની ભરતી પરીક્ષાનું પરિણામ જાહેર થયા બાદ ઉમેદવારોમાં રોષ ફેલાયો છે. બે દિવસ પહેલાં કોમ્પ્યુટર બેઝ્ડ રિક્રુટમેન્ટ ટેસ્ટ (CBRT) અને નોર્મલાઈઝેશન મેથડના કારણે અન્યાય થયાની ઉમેદવારો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. આજે ફોરેસ્ટ બીટ ગાર્ડના ઉમેદવારો ગાંધીનગરના રામકથા મેદાને ભેગા થયા હતા. ઉમેદવારો દ્વારા નોર્મલાઈઝેશન સાથે માર્ક્સ જાહેર કરવા અને તમામ ઉમેદવારોના રિઝલ્ટ PDF પ્રમાણે જાહેર કરવાની માંગ કરાઈ છે.

ગાંધીનગરના રામકથા મેદાન ખાતે ઉમટેલા ઉમેદવારોએ કહ્યું હતું કે, ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા, ભરતી પરીક્ષાઓ CBRT પદ્ધતિ દ્વારા લેવામાં આવી છે. આ પદ્ધતિનો ગુજરાતમાં પહેલી વાર જ્યારે પ્રયોગ કરવામાં આવ્યો તે પહેલાં કહેવામાં આવતું હતું કે, CBRT દ્વારા પરીક્ષા લેતી એજન્સી ખૂબ વિશ્વસનીય છે. છેલ્લે લેવાયેલ તમામ પરીક્ષાઓમાં અનેક છબરડા સામે આવ્યા છે. પ્રાઈવેટ એજન્સી દ્વારા જે કોન્ટ્રાક્ટ ધોરણે કામ આપવામાં આવે છે તેને ગુજરાતી ભાષાનો કોઈ અનુભવ નથી હોતો. જેથી જે પેપર સેટ કરવાનું અને પેપર ચેક કરવા માટેનું કામ સોંપવામાં આવે છે તેમાં ગૂગલ ટ્રાન્સલેશન કે અન્ય કોઈ એપ્લિકેશનનો ઉપયોગ કરી ભાષાંતર કરવામાં આવે છે.જેને કારણે અર્થનો અનર્થ થઈ જાય છે.ઉમેદવારોની માંગણી છે કે, ગૌણસેવા પસંદગી મંડળ દ્વારા જે પરિણામ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે તેમાં ફક્ત નામ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે તેના બદલામાં દરેક ઉમેદવારના નોર્મલાઈઝેશન મેથડ પહેલાં વાસ્તવિક માર્ક્સ કેટલા હતા અને નોર્મલાઈઝેશન મેથડ લાગુ કરવામાં આવ્યા બાદ કોના કેટલા માર્ક્સ ઉમેરવામાં આવ્યા, કેટલા માર્ક્સ ઘટાડવામાં આવ્યા તેની દરેક માહિતી કેટેગરીવાઈઝ અને માર્ક્સવાઈઝ પ્રસિદ્ધ કરવામાં આવે. જો SSC CGL, IBPS, RRB, ગુજરાતની પોલીસ ભરતી બોર્ડ તમામ માહિતી સાથ મેરિટ યાદી પ્રસિદ્ધ કરે છે તો ગૌણસેવા શા માટે ન કરે?

### વડાપ્રધાન શેખ હસીનાએ દેશ છોડ્યો

# બાંગ્લાદેશમાં ભારે હિંસા બાદ વડાપ્રધાન શેખ હસીનાએ રાજીનામું આપી દીધું

## હિંસાએ દેશની હાલત બદતર બનાવી દીધી છે : વડાપ્રધાન શેખ હસીનાના ઘર પર પ્રદર્શનકારીઓએ હુમલો કર્યો : સેના વચગાળાની સરકાર બનાવશે

ઢાકા, તા.૫

બાંગ્લાદેશમાં ભારે હિંસા બાદ વડાંપ્રધાન શેખ હસીનાએ રાજીનામું આપી દીધું છે. અગાઉ આર્મી ચીફ વકાર-ઉઝ-ઝમાને હસીનાને ૪૫ મિનિટમાં રાજીનામું આપવાનું અલ્ટીમેટમ આપ્યું હતું. મીડિયા અહેવાલ પ્રમાણે વડાંપ્રધાન શેખ હસીના દેશ છોડીને સલામત સ્થળે ચાલ્યા ગયા છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે શેખ હસીના ભારતમાં આશ્રય લઈ શકે છે. બાંગ્લાદેશની લશ્કરના વડાએ જાહેરાત કરી છે કે સેના વચગાળાની સરકાર બનાવશે. અગાઉ પ્રદર્શનકારીઓ શેખ હસીનાના ઘરમાં ઘૂસી ગયા હતા અને તોડફોડ કરી હતી. દેશના અનેક વિસ્તારોમાં વિજયોત્સવ મનાવવામાં આવી રહ્યો છે.

આ હિંસામાં ૩૦૦થી વધુ લોકોના મોત થયા છે. શેખ હસીનાની સાથે તેમની બહેન પણ ઢાકા છોડી ગયા છે. બાંગ્લાદેશના આર્મીચીફે હસીનાને કહ્યું હતું કે તેમણે સન્માનજનક રીતે સત્તામાંથી રાજીનામું આપવું જોઈએ. દરમિયાન બાંગ્લાદેશના વડાંપ્રધાનના પુત્રએ સુરક્ષા દળોને વિનંતી કરી છે કે તેઓ કોઈપણ બિનચૂંટાયેલી સરકારને સત્તામાં આવતા અટકાવે. બાંગ્લાદેશના આર્મી ચીફ દ્વારા આ એવા સમયે કરવામાં આવ્યું છે જ્યારે પીએમ શેખ હસીનાના રાજીનામાની માંગને લઈને રવિવારે શરૂ થયેલી હિંસામાં થોડા જ કલાકોમાં ૩૦૦ લોકોના મોત થયા હતા અને અબજોની સંપત્તિને આગ લગાડી દેવામાં આવી હતી. તમામ મોટા શહેરોમાં લાખો લોકો શેખ હસીનાના રાજીનામાની માંગ સાથે રસ્તા પર ઉતરી આવ્યા છે. રાજધાની ઢાકાને દેખાવકારોએ સંપૂર્ણપણે કબજે કરી લીધી હતી અને લાખો લોકો મુખ્ય ચોકીઓ પર એકઠા થયા હતા. છેલ્લા કેટલાક દિવસોમાં બાંગ્લાદેશમાં વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલી હિંસામાં ૩૦૦ લોકોના મોત થયા છે. જેના કારણે દેશની અવામી લીગ સરકાર અને પીએમ શેખ હસીના શંકાના દાયરામાં આવી ગયા.

બાંગ્લાદેશ મીડિયા અનુસાર દેશના સેના પ્રમુખ હાલમાં દેશની સ્થિતિ પર રાજકીય પક્ષોના નેતૃત્વ સાથે પરામર્શમાં વ્યસ્ત છે. આ પછી આર્મી ચીફ દેશને સંબોધન કરશે. બાંગ્લાદેશ આર્મી ચીફનું ટેલિવિઝન સંબોધન ફરી એકવાર થોડા સમય માટે સ્થગિત કરવામાં આવ્યું હતું. માનવામાં આવે છે કે આર્મી ચીફ પોતાના સંબોધનમાં સત્તા પરિવર્તનની જાહેરાત કરશે. ગયા મહિને બાંગ્લાદેશમાં વિવાદાસ્પદ ક્વોટા સિસ્ટમને લઈને ઢાકા યુનિવર્સિટીના વિદ્યાર્થી કાર્યકરોની પોલીસ અને સરકાર તરફી વિરોધીઓ સાથે હિંસક અથડામણ થઈ હતી. આ વિરોધ પ્રદર્શનોમાં ભીડ વધવા લાગી અને હિંસા શરૂ થઈ હતી. જ્યારે સર્વોચ્ચ અદાલતે ક્વોટા ઘટાડવાનો નિર્ણય લીધો ત્યારે બાબતો સારી રીતે ચાલી રહી હોય તેવું લાગતું હતું, પરંતુ રવિવારે લાખો લોકો હસીનાના રાજીનામાની માગણી સાથે રસ્તા પર ઉતરી આવ્યા અને બાજી શેખ હસીનાના હાથમાંથી નીકળી ગઈ.

ભારતના પાડોશી દેશ બાંગ્લાદેશમાં અનામત મુદ્દે ફાટી નીકળેલો અગનજ્વાળા ફરી સમગ્ર દેશને ભરડામાં લઈ રહ્યો છે. બાંગ્લાદેશમાં શહીદોના વંશજોને અનામતનો મુદ્દે બેકાબૂ બનતા દેશભરમાં અનિશ્ચિતકાળ માટે કર્ફ્યૂ લાદવા સાથે ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી છે. આ દરમિયાન બાંગ્લાદેશના સત્તાવાર

પીએમ હાઉસ પર પણ દેખાવકારોએ હુમલો કરી દીધો હતો. દેખાવકારોએ અહીં ઘૂસીને બંગબંધુની પ્રતિમા પર પણ કુહાડીઓ ઝીંકી હતી. આ સ્થિતિમાં બાંગ્લાદેશના વડાંપ્રધાન શેખ હસીનાએ વડાંપ્રધાન પદેથી રાજીનામું આપીને ભારતમાં શરણ લઈ લીધી છે.

બાંગ્લાદેશમાં નોકરીમાં અનામતનો અંત લાવવા અને વડાપ્રધાન શેખ હસીનાના રાજીનામાની માંગ સાથે શાસક પક્ષના વિરોધીઓ અને સમર્થકો વચ્ચે હિંસા ફાટી નીકળી હતી. આ લોહિયાળ વિરોધમાં અત્યાર સુધીમાં ૧૪ પોલીસકર્મીઓ સહિત લગભગ ૧૦૦ લોકોએ જીવ ગુમાવ્યા છે. મળતી માહિતી પ્રમાણે શેખ હસીનાએ ભારે વિરોધ વચ્ચે સેનાના દબાણને વશ થઈને વડાંપ્રધાન પદેથી રાજીનામું આપ્યું છે. બાંગ્લાદેશની સેનાએ વડાંપ્રધાન શેખ હસીનાને દેશ છોડવા ૪૫ મિનિટનો સમય આપ્યો હતો. આ દરમિયાન તેઓ બહેન શેખ રેહાના સાથે સ્પેશિયલ હેલિકોપ્ટરમાં ભારત આવી ગયા હતા. હાલ તેમણે દિલ્હીમાં શરણ લઈ લીધી છે.

સ્ટુડન્ટ્સ અગેઈન્સ્ટ ડિસ્ક્રિમિનેશન નામના પ્લેટફોર્મે આજથી સરકારના રાજીનામાની માગ સાથે અસહકાર ચળવળની શરૂઆતની જાહેરાત કરી છે. આ દરમિયાન વડાપ્રધાન હસીનાએ જણાવ્યું છે કે, દેખાવકારો વિદ્યાર્થીઓ નથી પણ આતંકવાદીઓ છે અને લોકોને તેમનો સાથ ન આપવો જોઈએ. જોકે સ્થિતિ બેકાબૂ બનતા તેમણે ત્યાગપત્ર આપીને ભારતમાં શરણ લેવાનો નિર્ધાર કર્યો હોવાનું મીડિયા અહેવાલમાં જણાઈ રહ્યું છે. બાંગ્લાદેશમાં સરકારી નોકરીઓ માટે ક્વોટા સિસ્ટમ નાબૂદ કરવાની માંગ ઉભો થયેલો વિરોધ વંટોળ ભારત સુધી પહોંચ્યો છે અને ફરી ભારતની મદદ માંગવામાં આવી રહી છે. અહેવાલ પ્રમાણે શેખ હસીના ભારત આવી રહ્યાં છે તો બીજી તરફ દેશની આવી સ્થિતિ જોઈને બાંગ્લાદેશના અર્થશાસ્ત્રી અને નોબલ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યુનુસે ચિંતા વ્યકત કરી છે અને ભારતને મદદ માટે ટકોર કરી છે.

ભારત કહે છે કે આ ઘરેલુ મામલો છે ત્યારે મને દુઃખ થાય છે. જો તમારા ભાઈના ઘરમાં આગ લાગી હોય, તો તમે તેને ઘરેલુ બાબત કેવી રીતે કહી શકો? ઘણી વસ્તુઓ કૂટનીતિમાં આવે છે અને એમ ન કહી શકાય કે આ તેમનો ઘરેલુ મુદ્દો છે. ૧૭ કરોડની વસ્તીવાળા બાંગ્લાદેશમાં લોકો સંઘર્ષનો સામનો કરી રહ્યા છે, સરકારી દળો દ્વારા યુવાનોની હત્યા થઈ રહી છે અને કાયદો અને વ્યવસ્થા બગડી રહી છે. બાંગ્લાદેશમાં ઉથલપાથલ માત્ર તેની સરહદો સુધી સીમિત નહીં રહે પરંતુ પાડોશી દેશોને પણ અસર કરશે.તેમ યુનૂસે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતુ.

### બાંગ્લાદેશમાં મોટો તખ્તાપલટ

# જો કોઈ ભારતીય ફસાયા હોય તો સરકારે હેલ્પલાઈન નંબર જાહેર કર્યો

## બાંગ્લાદેશમાં લગભગ ૧૫૦૦૦ ભારતીય નાગરિકો રહે છે, જેમાંથી કેટલાક રોજગારની શોધમાં ગયેલા લોકો છે

ઢાકા, તા.૫

બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાએ દેશ છોડી દીધો છે, અહીં છેલ્લા કેટલાક દિવસોથી સતત રમખાણો ચાલી રહ્યા હતા. હવે ત્યાં સેનાએ કમાન સંભાળી લીધી છે. બાંગ્લાદેશમાં લગભગ ૧૫૦૦૦ ભારતીય નાગરિકો રહે છે. જેમાંથી કેટલાક રોજગારની શોધમાં ગયેલા લોકો છે. તો બાકીના વિદ્યાર્થીઓ છે. આંકડાઓના હિસાબે વાત કરીએ તો બાંગ્લાદેશમાં લગભગ ૮૫૦૦ ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. બાંગ્લાદેશમાં આ દિવસોમાં હિંસા થઈ રહી છે. વળી હવે PM હસીના પણ દેશ છોડી ચૂક્યા છે. આના કારણે ઘણા ભારતીયો ભારત પાછા ફરવા ઈચ્છે છે.

હાલમાં ૪૫૦૦ ભારતીય વિદ્યાર્થીઓ બાંગ્લાદેશથી પાછા ફરી ચૂક્યા છે. હિંસાના આ તબક્કામાં બાંગ્લાદેશમાં ઈન્ટરનેટ અને ફોન સેવા બંધ કરી દેવામાં આવી છે. જેના કારણે લોકોને મદદ માંગવામાં પણ મુશ્કેલી થઈ રહી છે. જો તમારો કોઈ જાણીતો વ્યક્તિ, તમારો કોઈ સગો કે મિત્ર બાંગ્લાદેશમાં ફસાયેલો છે, તો તમે ભારતથી તેની મદદ કરી શકો છો. આ માટે તમે ભારતીય વિદેશ મંત્રાલય પાસેથી મદદની માંગણી કરી શકો છો. તમે ઈચ્છો તો વિદેશ મંત્રાલયના મદદ પોર્ટલ madad.gov.in પર તમારી ફરિયાદ મૂકી શકો છો.

આ સાથે તમે વિદેશ મંત્રાલયમાં જઈને પણ તે વ્યક્તિના બચાવ વિશે વિદેશ મંત્રાલયને જણાવી શકો છો. તમે સોશિયલ મીડિયા પર વિદેશ મંત્રી એસ જયશંકર સુધી સીધી તમારી વાત પહોંચાડી શકો છો. વિદેશ મંત્રાલયે બાંગ્લાદેશમાં હાજર ભારતીય નાગરિકોને આ નંબરો૮૮૦૧૯૫૮૩૮૩૬૭૯, ૮૮૦૧૯૫૮૩૮૩૬૮૦, ૮૮૦૧૯૩૭૪૦૦૫૯૧ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

### ગુજરાતમાં ૪૭ જળાશયો સંપૂર્ણ ભરાયા

# નવસારી-વલસાડમાં ધોધમાર વરસાદથી ઘોડાપુર જેવી સ્થિતિ

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ફોન કરીને માહિતી મેળવી અને વલસાડ તેમજ નવસારીના કલેક્ટરને સૂચનાઓ આપી

ગાંધીનગર, તા.૫

હવામાન વિભાગ દ્વારા આગામી છ દિવસ માટે ગુજરાતમાં સાર્વત્રિક વરસાદની આગાહી કરવામાં આવી છે. જેને પગલે દક્ષિણ ગુજરાતમાં ખાસ કરીને નવસારી જિલ્લામાં ધોધમાર વરસાદને પગલે અંબિકા અને કાવેરી નદીમાં ઘોડાપૂર આવ્યું છે. અનેક નીચાણવાળા વિસ્તારોમાં નદીઓનાં પાણી ઘૂસી જતાં અનેક લોકોનું સ્થાળાંતર કરવામાં આવ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૪૨ તાલુકામાં વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ ખેરગામમાં સવા ૯ ઈંચ વરસાદ ખાબક્યો છે. તેમજ ધરમપુરમાં સાત ઈંચ વરસાદ વરસ્યો છે. રાજયમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન નવસારી અને વલસાડ જિલ્લામાં સૌથી વધુ વરસાદ ખાબક્યો છે. જેમાં નવસારી જિલ્લાના ખેરગામ તાલુકામાં નવ ઈંચ જયારે વલસાડ જિલ્લાના ધરમપુર અને વલસાડ તાલુકામાં સાત ઈંચ વરસાદ વરસ્યો છે. જયારે ડાંગ,આહવા, કપરાડા તાલુકા અને નવસારી જિલ્લાના ચિખલી અને વાંસદા મળીને કુલ ચાર તાલુકામાં છ ઈંચ વરસાદ વરસ્યો છે. રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૬૭ ટકાથી વધુ નોંધાયો છે. જ્યારે, કચ્છ ઝોનમાં મોસમનો સૌથી વધુ ૮૬ ટકાથી વધુ, દક્ષિણ ગુજરાતમાં ૮૧ ટકાથી વધુ અને ત્યારબાદ સૌરાષ્ટ્ર ઝોનમાં ૭૭ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. ઉત્તર ગુજરાતમાં ૫૦ ટકા તેમજ પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૪૮ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે.

સરદાર સરોવર ડેમમાં ૬૧.૩૩ ટકા જળસંગ્રહ નોંધાયો છે. જયારે આ સિવાય રાજયના અન્ય ૨૦૬ જળાશયોમાં ૫૮.૧૯ ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે.રાજ્યમાં વરસી રહેલા વરસાદના પરિણામે ૪૭ જળાશયો સંપૂર્ણ ભરાયેલા છે. જ્યારે ૧૦ જળાશયો ૯૦ ટકાથી ૧૦૦ ભરાતા હાઈ એલર્ટ જાહેર કરાયા છે. આ સિવાય રાજ્યના ૩૮ ડેમ ૭૦ ટકાથી ૧૦૦ ટકા ભરાતા એલર્ટ અપાયું છે. સરદાર સરોવર સહિત ૨૧ ડેમ ૫૦થી ૭૦ ટકા ભરાતા વોર્નિંગ આપવામાં આવી છે. જ્યારે ૪૨ ડેમ ૨૫થી ૫૦ ટકા ભરાયા છે.આ ઉપરાંત દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૭૦.૩૨, સૌરાષ્ટ્રના ૧૪૧માં ૫૨.૬૮, કચ્છના ૨૦ જળાશયોમાં ૫૨.૧૫, મધ્ય ગુજરાતના ૧૭માં ૪૫.૨૬ તથા ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૨૮.૩૯ ટકા પાણીનો સંગ્રહ થયો છે.

# યુવતીએ સવા કરોડના દાગીના ચોરી બોયફ્રેન્ડને આપી દીધા

ગોધરા,તા.૫

ગુજરાતમાં ચોરીની અનેક ઘટનાઓ પ્રકાશમાં આવે છે. જેમાં કેટલીક ઘટનાઓ ચોંકાવનારી હોય છે. ગોધરામાં એક જ્વેલર્સમાં નોકરી કરતી યુવતીએ અત્યાર સુધીમાં સવા કરોડના દાગીના ચોરીને તેના બોયફ્રેન્ડેને આપ્યા હતા. જ્વેલર્સના માલિકે ચોરી પકડી પાડતાં પોલીસે યુવતીની ધરપકડ કરી છે. જ્યારે પ્રેમી હજુ ફરાર છે. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. પોલીસે યુવતીના પ્રેમીને શોધવા માટે ચક્રો ગતિમાન કર્યાં છે.

પોલીસ સુત્રોના જણાવ્યા પ્રમાણે ગોધરા શહેરના એલઆઈસી રોડ પર હિમાંશુભાઈ અડવાણી ધનરાજ જ્વેલર્સ નામની દુકાન ચલાવે છે. તેમની દુકાનમાં ૮ જેટલા માણસો નોકરી કરે છે. તેમને ૧ વર્ષ પહેલાં અનુષ્કા પારવાણી નામની યુવતીને નોકરીએ રાખી હતી. હિમાંશુભાઈ પોતાના સ્ટાફ સાથે જ સોનાના દાગીનાની ગણતરી કરતા હતા ત્યારે સોનાની ૧૬ નંગ ચેઈન અને સોનાની બંગડીઓ સહિત ૪૯ દાગીના ઓછા હતા. આમ કુલ ૧,૨૬,૧૦,૦૦૦ની કિંમતના ઘરેણાંની ચોરી થતાં પોલીસમાં એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

### મનુ ભાકરને મળશે મોટું સન્માન

# મનુ ભાકર ઓલિમ્પિક સમાપન સમારંભમાં ભારતીય ધ્વજવાહક બનશે

## મનુએ બે બ્રોન્ઝ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો હતો

પેરિસ, તા.૫

પેરિસ ઑલિમ્પિક્સમાં બે વખત બ્રોન્ઝ મેડલની સિદ્ધિ પ્રાપ્ત કરનાર મનુ ભાકરને મોટું સન્માન મળશે. સ્ટાર મહિલા શૂટર મનુ ભાકર પેરિસ ઓલિમ્પિકના સમાપન સમારંભમાં ભારતની ધ્વજવાહક હશે. મનુએ પેરિસ ગેમ્સમાં બે બ્રોન્ઝ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો હતો. મનુએ મહિલાઓની ૧૦ મીટર એર પિસ્તોલ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીતીને આ ગેમ્સમાં દેશના મેડલનું ખાતું ખોલાવ્યું હતું. આ પછી તેણે સરબજોત સિંહ સાથે મળીને ૧૦ મીટર એર પિસ્તોલ મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં પણ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ભારતીય ઓલિમ્પિક એસોસિએશન (IOA)ના અધિકારીએ કહ્યું, 'હા, મનુને ધ્વજ વાહક તરીકે પસંદ કરવામાં આવ્યા છે. તેમણે ખૂબ જ શાનદાર પ્રદર્શન કર્યું છે અને તેઓ આ સન્માનના હકદાર છે. હરિયાણાની ૨૨ વર્ષીય શૂટરે અગાઉ કહ્યું હતું કે ભારતના ધ્વજવાહક બનવું સન્માનની વાત છે. મનુ ઉપરાંત, સ્વપ્નિલ કુસલે પુરુષોની ૫૦ મીટર રાઈફલ ૩ પોઝિશનમાં ભારત માટે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. IOA એ હજુ સુધી મેલ ધ્વજ વાહકની જાહેરાત કરી નથી, પરંતુ એવું માનવામાં આવે છે કે આવનારા દિવસોમાં તેની પણ જાહેરાત કરવામાં આવશે.

એક ઓલિમ્પિકમાં બે મેડલ જીતનારી મનુ ભારતની પ્રથમ એથ્લેટ છે. ઉલ્લેખનીય છે કે મનુ ઓલિમ્પિકમાં ભારતના સૌથી સફળ એથ્લેટ્સમાંથી એક છે. મનુ સિવાય અત્યાર સુધી કોઈ પણ ભારતીય એથ્લેટે એક ઓલિમ્પિકમાં બે મેડલ જીત્યા નથી. સુશીલ કુમાર અને શટલર પીવી સિંધુ પાસે બે-બે મેડલ છે, પરંતુ તેઓ અલગ-અલગ ઓલિમ્પિકમાં જીત્યા છે. સુશીલે ૨૦૦૮ બેઈજિંગ (બ્રોન્ઝ) અને ૨૦૧૨ લંડન (સિલ્વર) ઓલિમ્પિકમાં બે મેડલ જીત્યા હતા, જ્યારે સિંધુએ ૨૦૧૬ રિયો (સિલ્વર) અને ૨૦૨૦ ટોક્યો ઓલિમ્પિક્સ (બ્રોન્ઝ)માં બે મેડલ જીત્યા હતા.

મનુએ બધાને પાછળ છોડીને ઈતિહાસ રચ્યો છે. આ સાથે તે એક ઓલિમ્પિકમાં બે કે તેથી વધુ મેડલ જીતનાર એથ્લેટ્સની યાદીમાં પણ સામેલ થઈ ગઈ છે. પેરિસ ઓલિમ્પિક દરમિયાન શૂટિંગની બે ઈવેન્ટમાં બે કાંસ્ય ચંદ્રક જીતનાર મનુ ભાકર જોકે ત્રીજી ઈવેન્ટમાં સ્હેજ માટે મેડલ ચૂકી ગઈ હતી. છેલ્લી ઈવેન્ટમાં તે ચોથા સ્થાને રહી હતી. જો તેમાં પણ તે કાંસ્ય ચંદ્રક જીતી ગઈ હોત તો તેના માટે વ્યક્તિગત રીતે અને ભારત માટે ઘણો મોટો ઈતિહાસ બની જાત. જોકે, હવે તેના અત્યાર સુધીના શ્રેષ્ઠ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને સમાપન સમારંભમાં ભારતીય ટીમ માટે ધ્વજવાહક તરીકેની અત્યંત સન્માનજનક જવાબદારી તેને સોંપવામાં આવી છે.

### ક્રિકેટ જગત આજે શોકમાં છે

# ૧૦૦ ટેસ્ટ મેચ રમી ચૂકેલા દિગ્ગજ ગ્રેહામ થોર્પનું નિધન

## થોર્પે ૧૯૯૩ અને ૨૦૦૫ની વચ્ચે ઇંગ્લેન્ડ માટે ૧૦૦ ટેસ્ટ અને ૮૨ વન-ડે ઇન્ટરનેશનલ રમ્યા હતા

લંડન, તા.૫

ઈંગ્લૅન્ડ અને સરેના ભૂતપૂર્વ બેટ્સમેન ગ્રેહામ થોર્પનું ૫૫ વર્ષની વયે અવસાન થયું હોવાનું ઈંગ્લૅન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડે જાહેર કર્યું છે. થોર્પે ૧૯૯૩ અને ૨૦૦૫ની વચ્ચે ઈંગ્લૅન્ડ માટે ૧૦૦ ટેસ્ટ અને ૮૨ વન-ડે ઈન્ટરનેશનલ રમ્યા હતા. ગ્રેહામ થોર્પ એક સ્ટાઈલિશ લેફટી બેટર હતા. તેમણે ઈંગ્લૅન્ડ માટે ૪૪.૬૬ની સરેરાશથી ૧૬ સદી સહિત ૬,૭૪૪ ટેસ્ટ રન બનાવ્યા હતા. ઈઝ્મ્એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ગ્રેહામના મૃત્યુથી અમને જે ઊંડો આઘાત લાગ્યો છે તેનું વર્ણન કરવા માટે કોઈ શબ્દો યોગ્ય નથી. તેઓ ઈંગ્લૅન્ડના અત્યાર સુધીના શ્રેષ્ઠ બેટ્સમેનોમાંના એક હતા. આ ઉપરાંત, તેઓ સમગ્ર વિશ્વના ક્રિકેટ ચાહકો દ્વારા સન્માન પામ્યા હતા. "તેમની બેટિંગ અને ક્રિકેટ સ્કિલ્સ તો બેજોડ હતી જ, સાથે તેઓ ૧૩ વર્ષની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં શાનદાર રમત બતાવી શક્યા હતા. તેઓ ઈંગ્લૅન્ડ અને સરેની ક્રિકેટ ટીમ માટે ખૂબ મહત્ત્વના ખેલાડી રહ્યા હતા. ત્યાર પછી એક કોચ તરીકે, રમતના તમામ ફોર્મેટમાં કેટલીક અવિશ્વસનીય જીત માટે અને ઈંગ્લૅન્ડ ક્રિકેટ ટીમના શ્રેષ્ઠ પ્રદર્શન અને ખેલાડીઓની પ્રતિભા બહાર લાવવા માટે પણ યશના હકદાર છે.''

"ક્રિકેટ જગત આજે શોકમાં છે. આ અકલ્પનીય મુશ્કેલ સમય દરમિયાન અમે તેમની પત્ની અમાન્ડા, તેના બાળકો, પિતા જ્યોફ અને તેના પરિવાર અને મિત્રોને સાંત્વના આપીએ છીએ. અમે ગ્રેહામને રમતમાં તેમના અસાધારણ યોગદાન માટે હંમેશા યાદ રાખીશું."

# દેશના અનેક રાજ્યોમાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગ

નવી દિલ્હી, તા.૫

મેઘરાજાએ ઓગસ્ટમાં મહિનામાં પણ ધમાકેદાર બેટિંગ કરવાનું ચાલુ રાખતાં અનેક રાજ્યોના લોકોના હાલ બેહાલ બની ગયા છે. મહારાષ્ટ્રના નાશિક શહેરમાં ભારે વરસાદ બાદ ગોદાવરી નદી ગાંડીતૂર બની છે. જેના કારણે શહેરના અનેક વિસ્તારોમાં પાણી ઘૂસી ગયા છે તો નદી કિનારે આવેલાં મંદિરો પણ પાણીમાં ગરકાવ થઈ ગયા છે. જેના કારણે ભગવાનના દર્શન માટે આવેલાં ભક્તોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે. અંબાલાલ પટેલે એવી આગાહી કરી છેકે, આગામી દિવસોમાં ગુજરાત સહિત ભારતભરમાં વરસાદનો વેગ વધશે. આ વખતે દેશના અનેક રાજયો જળતરબોળ થઈ જશે. ઓગસ્ટમાં પણ મેઘરાજા રોકાવાના નથી, ચાલુ જ રહેશે ધુઆંધાર બેટિંગ. મહારાષ્ટ્રના પુણે વિસ્તારમાં પણ પૂરના કારણે લોકો હેરાન-પરેશાન છે. ભારે વરસાદ બાદ ખડકવાસલ ડેમમાંથી પાણી છોડવામાં આવતા નીચાણવાળા વિસ્તારમાં આવેલ એકતા નગરમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. કેટલાક વિસ્તારમાં પાણી જ પાણી જોવા મળી રહ્યું છે. પાણીમાં ફસાયેલા લોકોને બચાવવા માટે દ્નઢ્ઢઈહ્લની ટીમ તહેનાત ખડેપગે છે. ડેમમાંથી ૪૫,૦૦૦ ક્યુસેક કરતાં વધારે પાણી મુઠા નદીમાં છોડવામાં આવ્યું છે. જેના કારણે નદીમાં પાણીનો પ્રચંડ પ્રવાહ જોવા મળી રહ્યો છે. જે નીચાણવાળા વિસ્તારના લોકોને ડરાવી રહ્યો છે. મહારાષ્ટ્રની નદીઓ તોફાને ચઢી છે. તો મુંબઈમાં દરિયાએ પણ રૌદ્ર રૂપ ધારણ કર્યું છે. દ્રશ્યોમાં જોઈ શકાય છે કે મુંબઈમાં ભારે વરસાદ બાદ દરિયામાં હાઈટાઈડ જોવા મળી રહી છે. હવામાન વિભાગે દેશના અનેક રાજ્યોમાં હજુ પણ ભારે વરસાદની આગાહી કરી છે. જેના કારણે આ રાજ્યોમાં હજુ પણ મેઘરાજાની ધમાકેદાર બેટિંગ જોવા મળશે અને લોકોને જળતાંડવનો સામનો કરવો પડશે.

# અમરેલીથી સૈનિકો માટે ૨૦૦૦થી વધુ રાખડી અને લેટર બોર્ડર પર મોકલવામાં આવશે







ઈનવીનસિબલ NGO પ્રોજેકટ રાખી ટુ આર્મડ ફોર્સમાં ભારતના વીર જવાનો માટે ૨૦૦૦ થી વધુ રાખડી અને લેટર અમરેલીથી બાર્ડર પર મોકલશે. આ પ્રોજેકટમાંઅમરેલીશહેરઅનેજિલ્લાની ૨૨ જેટલી સ્કુલ, કોલેજની વિદ્યાર્થીનીએ ભાગ લઈ રહયા છે અને તેમના હાથે સરહદ ઉપર દેશની રક્ષાકરતા જવાન ભાઈ માટે પત્ર અને રાખી બનાવી રહ્યા છે. NGOના આશુતોષ મહેતા અને આફતાબ શેખે જણાવેલ છે કે આ NGO છેલ્લા ૩ વર્ષથી આવું કાર્ય કરી રહ્યો છે. જેમાઆવર્ષેઅમારીસાથેયુવાફાઉન્ડેશન પણ જોડાયું છે. બન્ને ગ્રૃપ મળીને અમરેલી જિલ્લાસહિતગુજરાતમાંથીર૧ હજારથી વધુરાખડીઅનેલેટરવિવિધબાર્ડરપરલઈ જવામા આવશે. આ કામગીરી કરવા માટે થઈ કુલ ૪ સ્ટેજ બનાવામા આવ્યા છે. જેમા છેલ્લા ૧૦ દિવસથી રાખી બનાવી એકત્ર કરાઈ રહી છે અને ખાસ કરીને આ દરેક રાખીઈકોફ્રેન્ડલીહોયતેમામેટલનીવસ્તુ નહીં હોય એવો અમારો આગ્રહ હોય છે. રક્ષા પત્રતમારી બેહન કિંજલ વાઘેલા આ કાગળ હું લખી રહી છું. દેશના બહાદુર જવાનો માટે જે દેશની રક્ષા માટે રાત-દિવસ સરહદો પર ઉભા છે. જેમના કારણે દેશમાં અમારા જેવા બાળકો પણ નિર્ભયતાથી ફરે છે. ભારત માતાની રક્ષા માટે જયારે યુવક યુદ્ધ લડવા જાય છે ત્યારે તે એકલો નથી હોતો, તેની સાથે આખા દેશના આશિર્વાદ સાથે હોય છે. ભારત માતા એના મહાન પુત્રો વિના અધૂરી છે. આ નસોમાં લોહી વહે છે જે કયારેય મૃત્યુથી ડરતું નથી. ઘણા ઘા સહન કર્યા પછી પણ વ્યક્તિ તરત જ ઊભી થઈ શકે છે. અહીં દરેક લોકો રંગોની હોળી રમે છે અને આપણાં જવાન લોહીની હોળી રમે છે. અહીં ખુશીના દીવા પ્રગટાવે છે. જયારે ભારતમાતાનાંરક્ષકઆપણીરક્ષામાટે કોઈ કસર છોડતા નથી.

### અનુસુચિત જાતી કલ્યાણ વિભાગનાં નાયબ નિયામકનું નિવેદન

## અમરેલી : મેન્યુઅલ સ્કેવેન્જર્સ અને અસ્વચ્છ શૌચાલયોનાં સર્વે બાબત જાગૃતિ અભિયાન યોજાશે

### ૧૩ ઓગષ્ટ સુધીમાં સ્વતંત્ર ઘોષણા કરવાની રહેશે

અમરેલી, તા.૫

ધ પ્રોહિબિશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રિહેબિલિટેશન એકટ ૨૦૧૩ (M.S.Act,૨૦૧૩)ની જોગવાઈ હેઠળ તેમજ સુપ્રીમ કોર્ટના તા.૨૦/૧૦/૨૦૨૩ ના આદેશ મુજબ તથા ભારત સરકારની તા. ૦૧/૦૨/૨૦૨૪ની ગાઈડલાઈન અન્વયે મેન્યુઅલ સ્કેવેન્જર્સ (વ્યક્તિ કે જેને સ્થાનિક સત્તામંડળ, એજન્સી, કોન્ટ્રાકટર કે અન્ય કોઈપણ વ્યક્તિ દ્વારા માનવ મળમૂત્રની કોઈપણ પ્રકારના ઉપકરણો કે સલામતીનાં સાધનો વિના ખૂલ્લા હાથેથી સફાઈ કરવા, વહન કરવા, નિકાલ કરવાના કામમાં રોકાયેલા હોય કે કાર્યરત હોય તથા અસ્વચ્છ શૌચાલય (શૌચાલયમાં માનવ મળમૂત્ર અને કોઈપણ પ્રકારનાં ઉપકરણો કે સલામતીનાં સાધનો વિના ખુલ્લા હાથેથી સાફ કરવું પડે અથવા તો મળમૂત્ર સંપૂર્ણપણે વિઘટિત થાયએ પહેલા મેન્યુઅલી સાફ કે નિકાલ કરવો પડે)નો સર્વે થશે. કાયદાકીય જોગવાઈઓ, સૂચનાઓ તથા માર્ગદર્શિકા મુજબ જો કોઈ વ્યક્તિ મેન્યુઅલ સ્કેવેન્જર તરીકેના કામ કે પ્રવૃત્તિમાં રોકાયેલા કે કાર્યરત હોય તો તેવા વ્યક્તિએ સ્વ ઘોષણા મારફત (આધાર પુરાવો અને વિગતો સાથે) સ્થાનિક સતામંડળ, સ્વયંઘોષણા કેન્દ્રો ઉપર (સંબંધિત, નગરપાલિકા, ગ્રામ પંચાયતમાં) પોતાને જાહેર કરવાના છે અથવા નોંધણી કરવી.

સ્થાનિક સત્તા મંડળો, નગરપાલિકા, ગ્રામ પંચાયતે તા.૧૩/૦૮/૨૦૨૪ સુધીમાં અસ્વચ્છ શૌચાલયનો સર્વે કરી તેની યાદી બનાવવી. શહેરી વિસ્તાર માટે આ અંગેના સ્થાનિક સત્તામંડળ, સ્વયં ઘોષણા કેન્દ્ર તરીકે સંબંધિત નગરપાલિકા તેમજ ગ્રામ વિસ્તાર માટે સંબંધિત ગ્રામ પંચાયત રહેશે. મેન્યુઅલ સ્કેવેન્જર તરીકેની કામગીરી કે પ્રવૃત્તિમાં રોકાયેલા હોય કે કાર્યરત હોય તેવા વ્યક્તિ ઉક્ત બાબતે તા.૧૩/૦૮/૨૦૨૪ સુધીમાં સ્વયં ઘોષણા અથવા નોંધણી કરવી શકાશે તેમ અમરેલી જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### વસુધૈવ કુટુમ્બકમને તેમના પ્રવચનનું નામ આપ્યું હતું

## મોરારી બાપૂએ ન્યુયોર્ક સ્થિત સંયુક્ત રાષ્ટ્ર મુખ્યાલયમાં રામ કથા કરી

ન્યુયોર્ક, તા.૫

મોરારી બાપૂએ ન્યુયોર્ક સ્થિત સંયુક્ત રાષ્ટ્ર મુખ્યાલયમાં નવ-દિવસીય આધ્યાત્મિક અને અને ઐતિહાસિક રામકથાનું આયોજન કર્યું હતું, જે કોઈપણ આધ્યાત્મિક ગુરૂ દ્વારા કરાયેલું આ પ્રકારનું પ્રથમ આયોજન હતું. આ આયોજન ૨૭ જુલાઈથી ૪ ઓગસ્ટ ૨૦૨૪ દરમિયાન કરાયું હતું.

મોરારી બાપૂએ ન્યુયોર્ક સ્થિત સંયુક્ત રાષ્ટ્ર મુખ્યાલયમાં નવ-દિવસીય આધ્યાત્મિક અને અને ઐતિહાસિક રામકથાનું આયોજન કર્યું હતું, જે કોઈપણ આધ્યાત્મિક ગુરૂ દ્વારા કરાયેલું આ પ્રકારનું પ્રથમ આયોજન હતું. આ આયોજન ૨૭ જુલાઈથી ૪ ઓગસ્ટ ૨૦૨૪ દરમિયાન કરાયું હતું. હિંદુ વૈદિક સનાતન ધર્મના માર્ગદર્શક સિદ્ધાંત વસુધૈવ કુટુમ્બકમને તેમના પ્રવચનનું નામ આપ્યું હતું, ત્યારબાદ તેમણે જય સીયારામનું પવિત્ર અભિવાદન કર્યું હતું. વસુધૈવ કુટુમ્બકમ એક સંસ્કૃત વાક્ય છે, જે હિંદુ પવિત્ર ગ્રંથ મહા ઉપનિષદમાં જોવા મળે છે અને તેનો અર્થ વિશ્વ એક પરિવાર છે.

હિંદુ આધ્યાત્મિક ગુરૂએ કહ્યું હતું કે આ પ્રવચનના મુખ્ય પાંચ તત્વો હતાં – આકાશ, જળ, પૃથ્વી, વાયુ અને અગ્નિ. આ સપ્તાહ દરમિયાન બાપુએ સંયુક્ત રાષ્ટ્રના ઉપ મહાસચિવ અમીના જે. મોહમ્મદ સાથે મુલાકાત કરી હતી, જેમણે કહ્યું કે, અગાઉ તમે સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલયની પરિક્રમા કરી હતી અને હવે તમે મુખ્યાલયના કેન્દ્રમાં છો. તેમણે કહ્યું કે આ આયોજને ૧૭ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલને સાકાર કરવાના પ્રયાસોને બળ આપ્યું છે.

મોરારી બાપુએ તેમને કહ્યું હતું કે, તેમની વ્યાસપીઠ હંમેશા વિશ્વ શાંતિ, વિશ્વ પ્રગતિ અને વિશ્વ સુખ માટે સંયુક્ત રાષ્ટ્ર સંઘના કાર્યક્રમની સાથે રહેશે. આ પહેલા અનેક વર્ષો પહેલા ઘણાં વર્ષો પહેલાં બાપુએ યુએનના મુખ્યાલયની મુલાકાત લીધી હતી. તેમણે હંમેશા ભારપૂર્વક કહ્યું છે કે વિશ્વના નેતાઓએ સ્વાર્થ છોડીને ઈઝરાયલ અને યુક્રેન વચ્ચે ચાલી રહેલાં યુદ્ધની સમાપ્તિ માટે પ્રયાસો કરવા જોઈએ. આ પહેલાં ૩૦ જુલાઈના રોજ ઘણા મહાનુભાવોએ પ્રવચનમાં હાજરી આપી હતી, જેમાં આંતરરાષ્ટ્રીય બાબતોના કમીશનર એડવર્ડ મર્મેલસ્ટીન, એનવાયસી મેયર ઓફિસના આંતરરાષ્ટ્રીય બાબતોના ડેપ્યુટી કમીશનર દિલિપ ચૌહાણ તથા ડેપ્યુટી કમિશનર અને ચીફ ઓફ સ્ટાફ આઈસાટા કામરા સહિતના મહાનુભાવોનો સમાવેશ થાય છે. એનવાયસી મેયર ઓફિસે પણ મોરારી બાપુની વ્યાસપીઠને સર્વોચ્ચ સન્માન આપ્યું. ન્યુ યોર્કમાં કાઉન્સલ જનરલ ઓફ ઈન્ડિયા બિનાયા શ્રીકાંત પ્રધાન અને યુએન ખાતે પર્મેનન્ટ મીશન ઓફ ઈન્ડિયા ખાતે કાઉન્સેલર અને હેડ ઓફ ચારન્સી સુરેન્દ્ર કે. અધાના પણ અતિથિ હતાં. આધ્યાત્મિક ગુરૂપના ઉપદેશો સંયુક્ત રાષ્ટ્રના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ સાથે જોડાયેલા છે, જે વિશેષ કરીને શાંતિ, પર્યાવરણીય ટકાઉપણું અને સામાજિક ન્યાયને પ્રોત્સાહન આપવા ઉપર કેન્દ્રિત છે. કથાના સમાપનના દિવસે પૂજ્ય મોરારી બાપુએ રામ રાજ્ય અથવા આદર્શ રાજા પ્રભુ રામના શાસનની વિશેષતાઓ અને તે પણ કેવી રીતે સંયુક્ત રાષ્ટ્રના સિદ્ધાંતો સાથે મેળ ખાતી જીવન સંહિતાનું ઉદાહરણ આપ્યું હતું.

### ડેમમાં નવા નીરની આવક થવા પામી છે

## ઈન્દિરા સાગરનુ પાણી સરદાર સરોવરમાં આવતા નર્મદા ડેમની જળસપાટી વધશે

### હાલમાં ઈન્દિરા સાગર ડેમમાં, ઉપરવાસના વરસાદી પાણીની સાથેસાથે અન્ય ડેમમાંથી પણ વરસાદી પાણી આવી રહ્યું છે

અમદાવાદ,તા.૫

મધ્ય પ્રદેશમાં વરસી રહેલા ભારે વરસાદને કારણે, ઈન્દિરા સાગર ડેમની જળસપાટી હાલમાં ૨૫૮.૭૦ મીટરે પહોંચી છે. હાલમાં ઈન્દિરા સાગર ડેમમાં, ઉપરવાસના વરસાદી પાણીની સાથેસાથે અન્ય ડેમમાંથી પણ વરસાદી પાણી આવી રહ્યું છે. જેના કારણે મધ્યપ્રદેશના સિચાઈ વિભાગે, ઈન્દિરા સાગર ડેમના દરવાજા ખોલવાનો નિર્ણય કર્યો છે. મધ્યપ્રદેશમાં સર્જાયેલા લો પ્રેશરને પગલે, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં વ્યાપક વરસાદ વરસ્યો છે. મધ્યપ્રદેશમાં પડેલા સાર્વત્રિક વરસાદને પગલે, ઈન્દિરા સાગર ડેમમાં નવા નીરની આવક થવા પામી છે. વરસાદી પાણીની આવકને જોતા, મધ્ય પ્રદેશના તંત્રે, ઈન્દિરા સાગર ડેમના ૧૨ દરવાજા ખોલવાનો નિર્ણય કર્યો છે. જેના કારણે ઈન્દિરા સાગર જળાશયનું પાણી સરદાર સરોવર નર્મદા ડેમમાં આવશે. જેથી સરદાર સરોવર નર્મદા ડેમની જળસપાટીમાં વધારો થશે.

મધ્ય પ્રદેશમાં વરસી રહેલા ભારે વરસાદને કારણે, ઈન્દિરા સાગર ડેમની જળસપાટી હાલમાં ૨૫૮.૭૦ મીટરે પહોંચી છે. હાલમાં ઈન્દિરા સાગર ડેમમાં, ઉપરવાસના વરસાદી પાણીની સાથેસાથે અન્ય ડેમમાંથી પણ વરસાદી પાણી આવી રહ્યું છે. જેના કારણે મધ્યપ્રદેશના સિચાઈ વિભાગે, ઈન્દિરા સાગર ડેમના દરવાજા ખોલવાનો નિર્ણય કર્યો છે. ઈન્દિરા સાગરના ૧૨ પૈકી ૮ ગેટ ૨.૫૦ મીટર અને ૪ ગેટ ૩.૦૦ મીટર ખોલવામાં આવશે. આ ઉપરાંત જળવિદ્યુત મથક પણ રાઉન્ડ ધી કલોક ચાલુ રાખવામાં આવ્યા છે. ઈન્દિરા સાગર ડેમમાંથી ૩,૨૩,૮૨૦ ક્યુસેક પાણી છોડવામાં આવશે. જે આશરે ૩૨ કલાક બાદ, આ પાણીની આવક સરદાર સરોવરમાં થવાનું શરૂ થતાં, સરદાર સરોવર નર્મદા ડેમની જળ સપાટીમાં વધારો થશે.

## કોટડાપીઠા : "સ્વયંભુ પુરાતની ગરણેશ્વર મહાદેવ"




તસ્વીર : ભરત મહેતા–કોટડાપીઠા


કોટડાપીઠા, તા. ૫

કોટડાપીઠાથી થોરખાણ રોડ પર ગરણી પાનસડા ગામ વચ્ચે બે નદીઓની વચ્ચે આવેલ સ્વયંભુ ગરણેશ્વર મહાદેવનું મંદિર પ્રાકૃતિક સૌએ સાથે ભકતજનોનું મન હરી લે છે.

આ સ્વયંભુ ગરણેશ્વર મહાદેવનાં પ્રાગટયની કથા આ પ્રમાણે છે. બાબરા તાલુકાનાં ગરણી પાનસડા ગામનાં સોની લુહારની ગાથ ગામનાં ગૌચનમાં ચારો ચરવા માટેનાં જંગલમાં જતી હતી. અને સાંજે ગામનાં ગૌ ચણમાં પાછી ફરતી, સાંજે ગોવાળ જયાં ગાયને દોહવા બેસે તો આંચળમાં દુધનાં હોય, આમ વારંવાર થવાથી ગાયના માલીકે ગોવાળને ઠપકો આપ્યોને કહ્યું કે તુ ગાયને દોહી લેતો લાગે કે, આ ઠપકો સાંભળી ગોવાળે બીજા દિવસે ગાયનું ખાસ ધ્યાન રાખવું તો ગાય જંગલમાં ચારોચરીને ત્યાં આવેલ રાફડા પર ઉભી રહી અને ચારેય આંચળમાંથી દૂધની ધારા વહેવા લાગી આ દશય નિહાળી ગોવાળે ગામમાં વાત કરતા બીજે દિવસે ગાયના માલીક તથા ગામના લોકોએ રાફડાનું ખોદકામ કરતા તેમાથી સ્વયંભુ મહાદેવની લીંગ પ્રગટ થઈ, બાજુમાં ગરણી ગામે આવેલ હોવાથી ગરણેશ્વર મહાદેવ નામ રાખવામાં આવ્યું.

મંદિરની આજુબાજુ ગીચ ઝાડી ઝાડવા, વડનાં ઉંચા ઝાડ હોવાથી અહી રાષ્ટ્રીય પક્ષી મોર–ઢેલનાં ટહુકા તેમજ અન્ય પક્ષીઓનાં કલરવથી વાતાવરણ મનોહર, આહલાદક અને સૌદર્યલક્ષી લાગે છે. નદીનાં કાઠાનાં ઉપરવાસનાં ભાગે ડટણ, સૌ પટણ થયેલ દીવો આવેલ છે. ત્યાં જુનું ગરણી ગામ હશે તેવું બુઝગોનું કહેવું છે. મંદિરનાં પરીસરમાં ચોમાસામાં ભકતજનોને વરસાદથી ખલેલ ના પડે તે માટે દાતા દ્વારા પતરાનો વિશાળ શેડ તથા ભોજનાલય બનાવી આપવામાં આવેલ છે. શ્રાવણનાં દર સોમવારે તથા સાતમ–આઠમનાં તહેવાર પર અહિં મેળો ભરાય છે. મહાદેવ સર્વે ભકતજનોની મનોકામનાં પૂર્ણ કરે છે., શ્રાવણ માસમાં ભકતજનો ભગવાન શીવને બીલીપત્ર, પુષ્પ તથા દૂધ ચડાવી ધન્યતા અનુભવે છે. હર હર મહાદેવનાં નાદથી વાતાવરણ ગુંજી ઉઠે છે.

## સાવરકુંડલા : નુરાનીબાપુએ જૂના મન દુઃખમાં સમાધાન કરાવ્યું



સાવરકુંડલા, તા. ૫

સાવરકુંડલા પીર સૈયદ દાદાબાપુ કાદરીના મિશનને સાર્થક કરી બતાવતા પીર સૈયદ નુરાનીબાપુ બે ભાઈનું સમાધાન કરાવી દીધું. સમાજમાં સુધારા કરવા સમાજને આગળ લાવવો તેમજ સમાજ હિતના કર્યો કરવા માટે પીર સૈયદ દાદાબાપુ કાદરી રાત દિવસ ખુબ જ જહેમત ઉઠાવે છે. તેના ફળ સ્વરૂપે સારૂ પરિણામ પણ મળે છે. ત્યારે સખાવત સબર અને સેવા જેમના લોહીમાં વસેલું છે. તેવા કાદરી ઘરાણુંમાં જોવા મળે છે.

દાદાબાપુ કાદરીના દીકરા પીરસૈયદ મુનિરબાપુ કાદરીના સમાધાન મિશન ચલાવે છે. તેમાં સાવરકુંડલા શહેર સહિત અમરેલી જિલ્લો સહિત બીજા અન્ય જિલ્લામાં અનેક પ્રકારના સમાધાનો કરીદીધા છે. ત્યારે તેમના માર્ગદર્શન મુજબ પીર સૈયદ દાદાબાપુ કાદરીના પોત્રા અને મુનીરબાપુ દીકરા નુરાનીબાપુએ મુસ્લિમ અગ્રણી મહેબૂબ ભાઈ ચોહાણ અને તેમના મોટા ભાઈ શકુરભાઈ ચોહાણ વચ્ચે ઘણા સમયથી વિવાદ ચાલતો હતો. તે લાંબા સમયથી ચાલતો વિવાદનો અંત એક ઝટકે નુરાનીબાપુની હાજરીમાં આવી ગયો અને બને ભાઈ વચ્ચે સુઃખદ સમાધાન થઈ ગયેલ હતું. એટલે સમાધાનનું મિશન પેઢી દર પેઢીથી શરૂ છે અને રહેશે નાની ઉંમરે પણ સમાજમાં અને સમાજના વ્યક્તિ ઓમાં કોયપણ પ્રકારનો વિવાદ ન રહે તે માટે નુરાનીબાપુ અત્યારેથી જ જહેમત ઉઠાવી રહ્યા છે. મહેબૂબભાઈ ચોહાણ અને શકુરભાઈ ચોહાણ વચ્ચેનો વિવાદ નુરાની બાપુ ને જોઈને બંને ભાઈઓએ આપોઆપ સમાધાન કરી નાખ્યું એ એક કાદરી ઘરાણાનો કરમ અને દુઆ કહેવાય.

## દેવગામ : ઉગમફોજના પ્રગટ સંત શ્રી અમરસાહેબની ૩૩ મી નિર્વાણતિથી મહોત્સવની ઉજવણી થઈ

અમરેલી, તા. ૫

રવિભાણ પરંપરા ઉગમફોજના પ્રગટ સમર્થ સંત સદગુરૂ અમરસાહેબની ૩૩ મી નિર્વાણતિથિ દેવગામ આશ્રમ ખાતે ધામધૂમપૂર્વક ઉજવવામાંઆવીહતી. જેમાંબટુકભોજન ધ્વજારોહણ, વૃક્ષારોપણ મહાપ્રસાદ આરતીપુજન તેમજ ભજન સત્સંગ જેવા અનેક કાર્યક્રમ યોજાયા હતા. અમરસાહેબ આશ્રમ વતી અનેક સેવાકીય કાર્યો કરવામાં આવે છે. જેમાં વૃક્ષારોપણ, કુતરાને રોટલા, કબુતરોને ચણ, બીમાર ગાયોની સેવા જેવા અનેક સેવાકીય કાર્યો કરવામાં આવે છે. મહંતચંદ્રેશભાઈ તેમજ આલિંગભાઈ દ્વારા આ મહોત્સવમાં ભજન ભોજનને સત્સંગનો લાભ સત્સંગીઓ લે તે માટે તમામ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ તિથિ મહોત્સવમાં બાંદરાધામ થી દેવાંગબાપુ તેમજ ભેડાપીપળીયા થી ઘનશ્યામ મહારાજ, સુરત થી જગદીશબાપુ અમરેલી , વિંજીવડ થી ગિરધરબાપા ભાવનગરથી સુરેશભાઈ વડિયાથી ચાંપરાજભાઈ તેમજ ભીમળાદ થી રમણીકબાપા સત્સંગ મંડળ ધારી થી દાદુરામ સત્સંગ મંડળ સુરત થી અમરસાહેબ સત્સંગ મંડળને પત્રકારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. દેવાંગબાપુ તેમજ ઘનશ્યામબાપુ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ને અમરસાહેબ આશ્રમની સેવાકીય કાર્ય વિશે લોકોને જણાવ્યું હતું. સુરત થી અમરસાહેબ સત્સંગ મંડળની બહેનો ને ભાઈઓ એ ખાસ રસોડા ની તેમજ સત્સંગ સભાની તમામ વ્યવસ્થાની સેવા આપી હતી. આ સમસ્ત મહોત્સવમાં અંદાજિત ૫૦૦૦ હજાર લોકો જુદા જુદા શહેરો માંથી તેમજ ગ્રામ્યમાંથી આવ્યા હતા. ને ભોજન ભજનને સત્સંગનો અનેરો લાભ લીધો હતો. અમરસાહેબ આશ્રમના આ મહોત્સવમાંદેવગામના બહોળી સંખ્યામાં ગામ અગ્રણીઓ માતાઓ બહેનો વડીલોને બાળકો ખાસ હાજર રહ્યા હતા. ને સત્સંગનો તેમજ મહાપ્રસાદનો લાભ લીધો હતો.



મહંત ચંદ્રેશભાઈ તેમજ આલિંગભાઈ દ્વારા આવેલા તમામ મહેમાનો સત્સંગીઓનું તેમજ સમસ્ત કાર્યક્રમમાં જેમને તનમનનેધનથી મદદ કરી તેવા લોકોનો આભાર માન્યો હતો. આવેલા તમામ સંતો મહેમાનોને પત્રકારોનું શાલ ઓઢાડીને અમર સાહેબ આશ્રમ વતી ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.

### ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું

## ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની સંભાવના છે

### ગુજરાત પર હાલમાં બે સિસ્ટમ સક્રિય હોવાને કારણે આ આગાહી કરવામાં આવી છે

અમદાવાદ,તા.૫

રાજ્યમાં આગામી બે દિવસ વરસાદની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતમાં નવસારી, વલસાડ, દમણ, સેલવાસ, દીવમાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ, મહીસાગર, નર્મદા, ભરૂચ અને ડાંગમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દક્ષિણ ગુજરાતમાં ઑફશોર ટ્રફ અને રાજસ્થાનમાં લો પ્રેશર સિસ્ટમને કારણે રાજ્યમાં વરસાદની સ્થિતિ સર્જાઈ છે.

આજે નવસારી, વલસાડમાં અતિ ભારે વરસાદ પડશે તેવી આગાહી કરવામાં આવી છે. ૫ ઓગસ્ટે વલસાડ, ડાંગ, દાદરા નગર હવેલી, સૌરાષ્ટ્ર, સુરેન્દ્રનગર, રાજકોટમાં ભારે વરસાદની આગાહી કરાઈ છે. અમરેલી, ભાવનગર, ગીર સોમનાથમાં અતિ ભારે વરસાદ પડશે તેમ જણાઈ રહ્યું છે. આગામી ૩ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. રાજ્યમાં ગાજવીજ સાથે વરસાદ પડશે. ૫ અને ૬ ઓગસ્ટે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. ગુજરાતની સાથે સાથે ઉપરવાસમાં થઈ રહેલા વરસાદના પરિણામે ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં ૬૦ ટકાથી વધુ જળ સંગ્રહ નોંધાયો છે. સરદાર સરોવર યોજનામાં હાલમાં ૨,૦૪,૯૦૧ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શકિતના ૬૧.૩૩ ટકા જળસંગ્રહ નોંધાયો છે. જ્યારે આ સિવાય રાજયના અન્ય ૨૦૬ જળાશયોમાં ૩,૨૫,૯૭૨ એમ.સી. એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૫૮.૧૯ ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે તેમ, જળ સંપત્તિ વિભાગના અહેવાલમાં જણાવાયું છે. સૌરાષ્ટ્રમાં ચોમાસાની સિઝનનો અત્યાર સુધીમાં ૭૭.૪૮ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. તો ઉત્તર ગુજરાતમાં ૪૯.૮૮ ટકા અને મધ્ય ગુજરાતમાં ચોમાસાની સિઝનનો અત્યાર સુધીમાં ૪૭.૭૧ ટકા વરસાદ વરસી ચૂક્યો છે.

### સરકારી અનાજ સગેવગે કરવાનું મસ મોટુ કૌભાંડ ઝડપી પાડ્યું હતું

## સાગબારા અનાજ કૌભાંડમા ભાજપે કાર્યકરને સસ્પેન્ડ કર્યો

### આપ અને કોંગ્રેસ' ક્યારે એક્શન લેશે? : મનસુખ વસાવાનો વેધક સવાલ

રાજપીપળા,તા.૫

નર્મદા જિલ્લાના સાગબારા ખાતે પોલીસે સરકારી અનાજ સગેવગે કરવાનું મસ મોટુ કૌભાંડ ઝડપી પાડ્યું હતું. આ કૌભાંડમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકરોના નામ ખુલ્યા હતા. તો બીજી બાજુ પોલીસે ફકત ર આરોપીઓને ઝડપી પાડયા છે જ્યારે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના હોદ્દેદારો કાર્યકરો હજુ ફરાર છે. ત્યારે મનસુખ વસાવાએ વેધક સવાલ કર્યો છે કે સાગબારા અનાજ કૌભાંડમાં ભાજપે એના કાર્યકરને સસ્પેન્ડ કર્યો, ''આપ અને કોંગ્રેસ'' ક્યારે એક્શન લેશે. ભરૂચ સાંસદ મનસુખ વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે આ કૌભાંડના આરોપીઓ પૈકીના કોંગ્રેસ અને આપના આગેવાનોએ ધારાસભ્ય ચૈતર વસાવાની સાથે કાયમ ફરવાવાળા લોકો હતા. આ ઘટના બાદ ચૈતર વસાવાએ કહ્યું હતું કે કોઈને પણ છોડવામાં નહિ આવે, હવે એ જ પથ્થર એમને વાગ્યો છે. ચૈતર વસાવા આ આરોપીઓને આશરો આપી ભગાડતા ફરે છે. રાજપારડીમાં ખાણ ખનીજમાં જનતા રેડ કરવાની વાત કરી હતી પણ પડદા પાછળ એમના જ માણસો બે નંબરનો ખાણ ખનિજનો ધંધો કરે છે. ચૈતર વસાવાનું ઘર ફોરેસ્ટની જમીનમાં ગેરકાયદેસર રીતે બાંધેલું છે, જો ધારાસભ્ય ગેરકાયદેસર કૃત્ય કરશે તો સામાન્ય માણસ પણ કરશે. જંગલ જમીન બચાવવી જોઈએ એની જગ્યાએ ચૈતર વસાવા કાયદો હાથમાં લઈ ઉપર રહીને જંગલની જમીન ખેડાવે છે. ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતુ કે મારું ઘર ફોરેસ્ટ ખાતાની જમીન પર બન્યું છે કે મારી પોતાની જમીન પર એ મનસુખ વસાવા પેહલા ફોરેસ્ટ ખાતાને પુછે પછી નિવેદન આપે. અનાજ કૌભાંડમાં આપ પાર્ટીના નેતાએ ફક્ત ગોડાઉન ભાડે આપ્યું હતું જેનો ભાડા ખત પણ નથી, અને કોંગ્રેસના આનંદ વસાવાએ ટેમ્પો ભાડે આપ્યું હતું એમને ખબર ન્હોતી કે અનાજ ક્યાં જવાનું છે. આ આખું કૌભાંડ ભાજપના મનિષ શાહ અને સચિન શાહનું છે જેને ભાજપ અમારી ઉપર થોપી દેવા માંગે છે. નર્મદા કમલમ બનાવવા કરોડો રૂપિયા ક્યાંથી આવ્યા એ મનસુખ વસાવા જાહેર કરે.

# અમેરિકા ખાતે યોજાયેલ ધ યુનાઈટેડ ગુજરાતી કોન્કલેવમાં હાજરી આપતા દિલીપ સંઘાણી






ગુજરાતની ધરોહર, અલભ્ય સાસ્કૃતિક અને વિકાસ વ્યવહાર વારસાને આંતરરાષ્ટ્રિય ઓળખ માટે આયોજીત કાર્યક્રમ ''ધ યુનાઈટેડ ગુજરાતી કોન્કલેવ–૨૦૨૪'' ઉપસ્થિત સંઘાણીએ વધુમાં જણાવેલ કે, સમગ્ર રાષ્ટ્રમાં ગુજરાતી પથરાયેલો–છવાયેલો છે તેનું કારણ અલભ્ય સસ્કૃતિ અને સાહસિક ભુમી છે. તેમ ગુજરાતના પૂર્વ કેબીનેટ મંત્રી–રાષ્ટ્રિય પીઢ સહકારી આગેવાન દિલીપ સઘાણીએ ડલ્લાસ–અમેરિકા ખાતે આયોજીત કોન્કલેવ સભાને ગુજરાતની પરમ્પરા અનુસાર રામ...રામ.... કહીને સબોધતા ઉપસ્થિ સમુદાયે તાલીઓના ગડગડાટથી વધાવી લીધા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ ટેકલાસ અમેરિકી હાઉસના પ્રતિનિધિ પીટ સેશન્સ સાથે મુલાકાત કરવામાં આવી હતી. અમેરિકા ખાતે વસતા વિશાળ ગુજરાતી પરિવારોના સગાથે ના યોજાયેલ ''ધ યુનાઈટેડ ગુજરાતી કોન્કલેવ–૨૦૨૪'' અંતર્ગત ભવ્ય સાસ્કૃતિક કાર્યક્રમ યોજાયેલ હતો. જેમા સંઘાણી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સંઘાણીએ અમેરિકી પ્રતિનિધી પીટીઈ સેશન્સની શુભેચ્છા મુલાકાત સાથે બંને દેશોની મૈત્રી ભાવના દોહરાવી હતી. કાર્યક્રમમાં દિલીપ સંઘાણી ઉપરાંત પ.પૂ. જ્ઞાનવત્સલસ્વામી, નાણા મંત્રી કનુભાઈ દેસાઈ, સહકાર મંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા, પૂર્વમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાં, ધારાસભ્ય વિપુલભાઈ પટેલ, ઓવરસીઝ ફ્રેન્ડસ ઓફ બીજેપી વાસુદેવભાઈ પટેલ, ઘનશ્યાભાઈ કાકડીયા, સુમો દાસગુપ્તા, પ્રશાતભાઈ ગજેરા, હિતેશભાઈ ગોંડલિયા, સંજયભાઈ માલાણી, સુરેશભાઈ કાઠરોટીયા, જીતુભાઈ શેલડીયા, રમેશભાઈ કોઠીયા, જગદીશભાઈ કાકડીયા, મહેન્દ્રભાઈ સાવલીયા, કાંતિભાઈ દેસાઈ, જયભાઈ સાવલીયા, કરતભાઈ કાબરીયા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. અમેરિકા સ્થિત ભાજપના અગ્રણી અમીતભાઈ રાજપરા તરફથી આયોજીત ભોજન સમારભનુ આયોજન કરવામાં આવેલ.

## પાના ૧ ઉપરનું ચાલું દામનગરનાં રાભડા ગામની

કહેલ. જેથી યુવતીને મનમાં લાગી આવતા ગત તા. ૩૧ના બપોરના આશરે દોઢેક વાગ્યે દામનગર ગામની સીમમાં વાલજીભાઈ પટેલની વાડીએ પોતે પોતાની મેળે વાડીએ પડેલ જંતુનાશક ઝેરી દવાના બે ઘુંટડા પી જતા અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયેલ જયાં તેણીનું સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં શહેરી વિસ્તારોમાં

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ઘણાં વર્ષથીથી બાબાપુર તથા આજુબાજુના તરવડા, વાંકિયા, મેડી, સરંભડા, મોટા ભંડારીયા સહિતના ગામમાં દીપડાના આંતકથી રહીશોમાં ભય છવાયેલાં હતો. ત્યારે આ વિસ્તાર જંગલના રાની પશુઓનું રહેઠાણ બની ગયું છે. આ પશુઓ જાનહાની કરે તેવી ભીતિ ઘણાં સમયથી સેવાઈ રહી હતી. અને આ બાબત તંત્રને જાણ પણ કરવામાં આવી હતી. તેમ છતાં કોઈ પગલાં નાં લેવાતા એક માસુમને જીવ ખોવાનો વખત આવ્યો છે.

બાળકના મોત પછી આ વિસ્તારના લોકોએ આ દીપડાને પિંજરે પુરાવાની માંગ કરતાં વનવિભાગ દ્વારા દીપડાને પકડવા તાત્કાલિક પાંજરા મુકવામાં આવ્યા બાદ ૨૪ કલાકની જહેમત બાદ દીપડાને પાંજરે પૂર્યો હતો. અને માનવ ભક્ષી દીપડો પાંજરે પુરાઈ જતા સ્થાનીક લોકો રાહતનો દમ લીધો હતો.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૭૫ | ૧૧૯૦ |
| ૨ | શિંગ મોટી | ૧૦૪૪ | ૧૨૦૧ |
| ૩ | શિંગદાણા | ૧૨૫૦ | ૧૫૮૦ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૩૫૦ | ૧૪૪૨ |
| ૫ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૫૭૦ |
| ૬ | તલ કાળા | ૨૯૦૦ | ૩૫૧૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૩૭૦ | ૩૫૨૫ |
| ૮ | બાજરો | ૪૨૧ | ૪૮૬ |
| ૯ | જુવાર | ૩૯૯ | ૭૬૫ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૯૦ | ૬૦૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૯૧ | ૫૬૯ |
| ૧૨ | મગ | ૧૪૧૧ | ૧૬૦૯ |
| ૧૩ | અડદ | ૧૬૭૫ | ૧૭૨૦ |
| ૧૪ | ચણા | ૧૧૦૦ | ૧૩૩૧ |
| ૧૫ | ચણા દેશી | ૧૩૪૪ | ૧૩૪૪ |
| ૧૬ | તુવેર | ૧૫૨૦ | ૨૧૫૫ |
| ૧૭ | કપાસ | ૯૦૦ | ૧૫૪૯ |
| ૧૮ | એરંડા | ૧૧૪૮ | ૧૧૪૮ |
| ૧૯ | જીરૂ | ૨૮૦૦ | ૪૭૯૯ |
| ૨૦ | ગમ ગુવાર | ૯૭૫ | ૯૭૫ |
| ૨૧ | ધાણા | ૧૨૫૦ | ૧૨૮૦ |
| ૨૨ | અજમા | ૧૩૩૦ | ૨૪૪૫ |
| ૨૩ | સોયાબીન | ૬૩૫ | ૮૨૧ |

## જાહેર/નોટીસ

અમો) ૧ કાંતાબેન શંભુભાઈ પદમાણી, ૨) ભરતભાઈ શંભુભાઈ પદમાણી અને ૩) ભાવેશભાઈ શંભુભાઈ પદમાણી, રહે–બધા–દેવગામ, તા.કુંકાવાવ–વડીયા, જિ.અમરેલી. જાહેર નોટીસ આપીને લાગતા–વળગતા તથા તમામ જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

અમરેલી જિલ્લાના કુંકાવાવ–વડીયા તાલુકાના મોજે દેવગામની ખેડ ખાતાનં.–૫૮૪થી રે.સ.નં.–૩૦ પૈકી ૨ની ૬–૫૯–૬૪ હે.આરે.ચોમી. વાળી વારસાઈ ખેતીની જમીન આવેલી છે. સદરહું વારસાઈ ખેતીની જમીન અમારી માલીકી, કબજા ભોગવટાની, અને આ જમીનમાં કોઈ ઈસમ, સંસ્થા, પેઢી–ટ્રસ્ટનો વારસાઈ કે અન્ય કોઈ રીતે હિત–હકક હિસ્સો કે લાગભાગ સમાયેલ નથી. સદરહું જમીન અમો વેચાણ કરવા ઈચ્છતા હોય કોઈ ઈસમ–સંસ્થા–પેઢી–ટ્રસ્ટ પોતાનો કાયદેસરના માલીકી હકક, ટાઈટલ, ઈન્ટરેસ્ટ, કબજા બાબતે કોઈપણ પ્રકારે કાયદેસરના હકક–હિસ્સો લાગ–ભાગ, ધરાવતા હોય કે લેણુ કે કરજ, બોજો, ગીરો હોય તેમજ કોઈપણ ઈસમ–સંસ્થાને વાંધા– તકરાર હોય તો હાલની આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ–૩૦માં લેખીત આધાર પુરાવા સાથે અમારો રૂબરૂ સંપર્ક કરવા જણાવવામાં આવે છે. નિયત સમય મર્યાદામાં, હકક–હિસ્સા–લાગભાગ કે કરજ – બોજા બાબતે લેખીત વાંધા–તકરાર રજુ કરવામાં નહી આવે તો આવા હકક–હિસ્સા, જતા કરેલ છે. તેમ માનીને અમો આ જમીનનો વેચાણ વ્યહવાર પૂર્ણ કરીશુ. અને ત્યારબાદ કોઈપણ ઈસમ, કે સંસ્થાના હકક–હિસ્સો–લેણા બાબતે વાંધા–તકરાર ચાલશે નહી. જેની નોંધ લેવી.

ભાવેશભાઈ શંભુભાઈ પદમાણી – દેવગામ
(મો.નં. – ૯૭૨૭૪ ૬૪૭૪૮)

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૫૨ | ૧૫૨૮ |
| ૨ | જીરૂ | ૪૫૯૦ | ૪૬૫૦ |
| ૩ | ઘઉં | ૪૯૦ | ૫૧૦ |
| ૪ | તલ સફેદ | ૨૨૯૦ | ૨૩૯૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૫૧ | ૧૧૫૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૭૧ | ૧૧૮૧ |
| ૩ | શીંગદાણા | ૧૫૦૦ | ૧૬૦૨ |
| ૪ | તલ સફેદ | ૨૦૫૦ | ૨૫૪૪ |
| ૫ | તલા કાળા | ૩૦૦૦ | ૩૨૦૧ |
| ૬ | જીરૂ | ૪૨૦૦ | ૪૭૫૦ |
| ૭ | કપાસ | ૧૦૦૦ | ૧૫૫૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૬૬ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૮૬ | ૫૭૨ |
| ૧૦ | બાજરો | ૩૯૯ | ૫૨૦ |
| ૧૧ | જુવાર | ૭૦૦ | – |
| ૧૨ | મગ | ૧૫૪૫ | ૧૬૩૫ |
| ૧૩ | ચણા | ૧૨૬૦ | ૧૩૪૦ |
| ૧૪ | તુવેર | ૧૯૦૧ | – |

## પાના ૧ ઉપરનું ચાલું ખાંભાનાં મોટા બારમણ ગામનાં

ગામે યોગેશભાઈ મંગાભાઈ ડોડીયાના મકાનના ચાલતા કામની જગ્યાએ સેન્ટીંગના કામે મજુરીએ ગયેલ હોય અને ત્યાં કામ ઉપર મકાનનાં બીજા માળે દીવાલ ઉપર લોખંડની પ્લેટો ખોલતા હોય. તે દરમ્યાન દીવાલ ઉપરથી નીચે પડતા માથાના ભાગે ગંભીર ઈજા થતા સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું સફાઈ કામદારો નાયબ દંડકનાં

કર્મીઓનાં પ્રતિક ધરણા શરૂ હોય શહેરમાં સફાઈ કાર્ય લગભગ ઠપ્પ થઈ ગયું હોય શહેરીજનોમાં શાસકો અને રાજકીય આગેવાનોની નિષ્ક્રીયતા ચર્ચાનું કેન્દ્ર બની છે. કારણ કે આંદોલનકારી સાથે મોટા ગજાનાં એકપણ નેતા વાર્તાલય કરતા ન હોય શહેરીજનો સફાઈ કર્મીઓની હડતાલ પૂર્ણ થાય તેવું ઈચ્છી રહ્યા છે.

સફાઈ કર્મીઓનાં અગ્રણીએ આજે જણાવ્યું હતું કે, રાજયનાં અન્ય શહેરોમાં કોન્ટ્રાકટ પધ્ધતિથી સફાઈ કાર્ય થતું નથી અમરેલીમાં શું કામ કોન્ટ્રાકટ પધ્ધતિથી સફાઈ કાર્ય થાય છે તેવો વેધક પ્રશ્ન ઉપસ્થિત કરતાં જણાવ્યું હતું કે, જો સફાઈ કર્મીઓની માંગ સંતોષવામાં ન આવે તો આગામી દિવસોમાં ધારાસભ્ય અને સાંસદનો ઘેરાવ કરવાની પણ ચીમકી આપવામાં આવી હતી.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૯૮૫ | ૯૮૫ |
| ૨ | ઘઉં | ૫૧૫ | ૫૧૫ |
| ૩ | ચણા | ૧૧૬૫ | ૧૩૩૦ |
| ૪ | જુવાર | ૫૫૧ | ૫૫૧ |
| ૫ | મગ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૬ | તલ | ૨૧૦૧ | ૨૩૦૦ |
| ૭ | ધાણા | ૧૧૭૫ | ૧૩૧૦ |
| ૮ | તુવેર | ૧૬૫૦ | ૧૬૫૦ |
| ૯ | શીંગદાણા | ૧૨૦૦ | ૧૬૫૦ |
| ૧૦ | સોયાબીન | ૮૦૧ | ૮૦૮ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૨ | ચણા | ૧૧૨૫ | ૧૨૬૫ |
| ૩ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૪૦ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૦૧ | ૫૩૧ |
| ૫ | સોયાબીન | ૬૦૦ | ૮૦૬ |
| ૬ | તલ સફેદ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૭ | ધાણા | ૧૨૧૦ | ૧૨૧૦ |
| ૮ | તુવેર | ૧૦૦૫ | ૧૬૦૦ |
| ૯ | બાજરો | ૪૦૭ | ૪૨૨ |
| ૧૦ | શીંગદાણા | ૧૪૭૫ | ૧૪૭૫ |
| ૧૧ | જુવાર | ૪૧૫ | ૪૧૫ |
| ૧૨ | એરંડી | ૯૨૫ | ૯૨૫ |
| ૧૩ | મગફળી | ૭૦૦ | ૧૧૦૦ |
| ૧૪ | મકાઈ | ૫૨૫ | ૫૨૫ |

## ખેતીની જીમન વેચાણ અંગેની જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર એડવોકેટ **જીતેન્દ્રભાઈ આર. ગોઠડીયા,** રહે : – બાબરા– અમારા અસીલ જમીન ખરીદનાર **(૧) વિનોદભાઈ શિવરામભાઈ તેરૈયા** રહેઃ– પ્લોટ–૧૪૨/૧ જય ખોડીયાર પાર્ક, શેરી – ૨ રણુજા મંદિર પાછળ કોઠારીયા રોડ – રાજકોટ અને **(૨) પરસોતમભાઈ શિવરામભાઈ તેરૈયા** રહેઃ– અરડોઈ તા.કોટડા સાંગાણી જિ–રાજકોટવાળાની સુચના અને ફરમાઈસ મુજબ લાગતા વળગતાને જાણ થાય છે કે,

અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના મોજે **વાંડળીયા** ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડ ખેતીની જમીન આવેલ છે. તે ખેતીની જમીન અમારા અસીલ **(૧) વિનોદભાઈ શિવરામભાઈ તેરૈયા** અને **(૨) પરસોતમભાઈ શિવરામભાઈ તેરૈયા** ખરીદ કરવા માંગે છે.

| ક્રમ | નામ | ખાતા નં. | સર્વે નં. | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|---|
| ૧ | પડસાળા રમેશભાઈ દેવરાજભાઈ | ૭૩૪ | ૩૧૩/૧ | ૦–૮૦–૯૪ |
| | | ૯૯૭ | ૩૧૩/૨ | ૦–૮૫–૮૬ |

સબબ ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની ખેડવાણ જમીન સબંધે તેના વેચાણ સબંધે કે તેના કબજા સબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ–ભાગ, હકક–હિસ્સો, બક્ષિસ, અગ્રહકક, વારસાઈ હકક કે લેણુ, ગીરો, બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંકે સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે દિવસ–૦૭ (સાત)માં જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર કે દર દાવો ની અને હોય તો જતો વેવ કરેલ છે તેમ સમજી અમો પાકકો રજીસ્ટર દસ્તાવેજ ખરીદનાર **(૧) વિનોદભાઈ શિવરામભાઈ તેરૈયા** અને **(૨) પરસોતમભાઈ શિવરામભાઈ તેરૈયા** ના નામે કરાવી આપીશુ. ત્યારબાદ જો કોઈના વાંધા કે તકરાર અમારા અસીલના હકક, હિત, હિસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ :– બાબરા
તા :– ૦૫–૦૮–૨૦૨૪

**અમારા અસીલ**
**શ્રી વિનોદભાઈ શિવરામભાઈ તેરૈયા અને**
**શ્રી પરશોતમભાઈ શિવરામભાઈ તેરૈયાની સુચનાથી**

**જીતેન્દ્રભાઇ આર. ગોઠડીયા**
(એડવોકેટ–ગુજરાત હાઇકોર્ટ)
નાગનાથ કોમ્પ્લેક્ષ શોપ નં. ૧૩
મુ. બાબરા, જી. અમરેલી. મો. ૯૯૭૮૨ ૭૬૭૫૬/ ૯૪૮૪૪ ૫૫૩૩૩

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૧૫૫૧ | ૨૪૮૦ |
| ૨ | તલ કાળા | ૨૫૦૦ | ૩૩૦૧ |
| ૩ | કપાસ | ૧૫૧૧ | ૧૫૧૫ |
| ૪ | બાજરો | ૪૫૦ | ૫૨૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૦ |
| ૬ | જુવાર | ૭૦૦ | ૭૬૧ |
| ૭ | મગ | ૧૨૦૦ | ૧૨૦૧ |
| ૮ | તુવેર | ૧૮૨૫ | ૧૮૨૫ |
| ૯ | અડદ | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ૧૦ | ચણા | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ૧૧ | જીરૂ | ૪૪૦૧ | ૪૪૦૧ |
| ૧૨ | શીંગદાણા | ૧૪૭૦ | ૧૪૭૦ |
| ૧૩ | રાય | ૧૨૦૦ | ૧૨૦૦ |

# અંટાળીયા ખાતે ઈફકો ટોકીયોના ડાયરેકટર ભાવેશ રાદડીયાની ઉપસ્થિતિમાં સ્નેહ ગોષ્ઠી કાર્યક્રમ યોજાયો






લીલીયા તાલુકાના અંટાળેશ્વર મહાદેવના મંદિર ખાતે લીલીયા પ્રગતિ બેંક અને સહકારી સંસ્થાઓ દ્વારા ઈફકો ફર્ટિલાઈઝર કંપનીમાં બીજી વખત અને ઈફકો ટોકિયોમાં ડાયરેકટ તરીકે ભાવેશભાઈ રાદડિયાની નિમણૂંક કરવામાં આવતા સ્નેહ ગોષ્ઠી કાર્યકમ યોજવામાં આવેલ. આ તકે સૌપ્રથમ પ્રકાશભાઈ વિરાણીએ ઉપસ્થિત અગ્રણીઓ આગેવાનોનું શાબ્દિક સન્માન કરી સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ત્યારબાદ ડાયમંડ એસોસિએશનના પ્રમુખ ભુપતભાઈ ધામત તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, એડવોકેટ કિશોરભાઈ પાઠક, ડાયરેકટર ભરતભાઈ ગરાણીયા, ભરતભાઈ શેખલીયા, ઘનશ્યામભાઈ બારૈયા, હરિભાઈ ધોરાજીયા, ભાસ્કરભાઈ પટેલ સહિતના મહાનુભાવોએ ભાવેશભાઈ રાદડિયા એ સહકારી ક્ષેત્રે કરેલ પ્રગતિની ભારે પ્રશંસા કરી પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું. ત્યારબાદ વિવિધ સંસ્થાના હોદ્દેદારોએ ઈફકો કંપનીમાં ફરી વખત અને ઈફકો ટોકીયોમાં ડાયરેકટર તરીકે નિમણૂંક પામતા વિવિધ રીતે સન્માન કરી શુભેચ્છા આપી હતી. આ તકે ભાવેશભાઈ રાદડિયાએ જણાવ્યું હતું કે, મારી વિશ્વની સૌથી મોટી કંપની એટલે ઈફકો અને ઈફકો ટોકયોમાં સ્થાન મળ્યું હોય તો માત્ર ને માત્ર સહકાર શિરોમણી દિલીપભાઈ સંઘાણીને કારણે મળ્યું છે મારૂ અસ્તિત્વ દિલીપભાઈ સંઘાણીના કારણે છે. કાર્યક્રમના અંતમાં જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ દુધાત દ્વારા આવેલ મહેમાનોની આભાર વિધિ કરવામાં આવી હતી. આ તકે મોટી સંખ્યામાં તાલુકા ભરના સરપંચો સહકારી આગેવાનો ઉપસ્થિત રહી ભાવેશભાઈ રાદડિયાને શુભકામના પાઠવેલ હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રગતિ કો.ઓ.ના બોર્ડ ઓફ ડિરેકટર તુષારભાઈ ધોરાજીયા, આર.બી. ભાલાળા, ટીકુભાઈ તેમજ મેનેજર ભદ્રેશભાઈ રાદડિયા સહિત સ્ટાફના લોકોએ જહેમત ઉઠાવેલ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પી.એમ. રાખસીયા દ્વારા કરવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# અમરેલીના લાભાર્થીને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ત્રણ હપ્તામાં રૂા.૩.૫ લાખની સહાય










ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૫ – ૨૦૧૬થી પ્રધાનમંત્રી આવાસ યોજના અમલમાં મૂકવામાં આવી છે, જેનો ઉદેશ ગ્રામીણ અને શહેરી કુટુંબોને મૂળભૂત સુવિધાઓ ધરાવતા મકાનો બાંધવા માટે લાયક ગ્રામીણ અને શહેરી કુટુંબોને સહાય પ્રદાન કરવાનો છે. પી.એમ.એ.વાય. હેઠળપાત્રતાધરાવતાગરીબપરિવારોને સરકારી સહાય પ્રાપ્ત થતાં ઘરના ઘરનું સપનું સાકાર થઈ રહ્યું છે.બહારપુરા શહેરીવિસ્તાર અમરેલીખાતેસામાન્ય પરિવારમાં જન્મેલા ધનજીભાઈ ખોડાભાઈ મકવાણાનો પરિવાર સામાન્ય જીવન જીવે છે. ધનજીભાઈ પાસે કાચું મકાન હતુ. ચોમાસાની સીઝન દરમિયાન તેમના પરિવારને અનેક હાડમારીઓ અને તકલીફોનો સામનો કરવો પડતો હતો. છતમાંથી પાણીટપકતુંહતુ.વર્ષ૨૦૧૮–૧૯માં ધનજીભાઈને જાણકારી મળી કે, પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત સરકાર ગરીબોને પાકા આવાસબાંધકામમાટે સહાય કરી રહી છે. ધનજીભાઈએ પી.એમ.એ.વાય. અંતર્ગત સહાય માટે અરજી કરી. ધનજીભાઈના પરિવારને કુલ મળીને રૂા.૩.૫ લાખની સહાય મળતા તેમના પરિવારનું ઘરના ઘરનું સપનું સાકાર બન્યુ છે.ઉલ્લેખનીય છે કે,પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત લાભાર્થી ધનજીભાઈને કુલ ત્રણ હપ્તામાં સહાય મળી હતી. દુઃખદ ઘટના એવી બની કે, પાકા મકાનના બાંધકામ સમયે ધનજીભાઈને હાર્ટ એટેક આવતા તેમનું અવસાન થયું. ધનજીભાઈના દીકરા હિતેષભાઈ મકવાણા સાથે વાત કરતાં તેમણે જણાવ્યું કે,મારાપિતાનુંએકસપનુંહતુ કે, મારા બાળકો અને પરિવાર માટે હું મારીહયાતીમાં પાકુંઘર બનાવું. ભારત સરકારની પ્રધાનમંત્રીઆવાસયોજના શહેરીઅંતર્ગતધનજીભાઈ હયાતહતા ત્યારે જ તેમના પાકા ઘરના ઘરનું બાંધકામ શરૂ થયુ હતુ. હિતેષભાઈએ વધુમાં જણાવ્યું કે, અમારો પરિવાર ગરીબછે. સરકારે અમને પાકાઆવાસ બાંધકામ માટે સહાય કરી છે એ બદલ હું અને મારો પરિવાર સરકારની આભારી છીએ. પ્રધાનમંત્રી આવાસ યોજના થકી વંચિત અને ગરીબ પરિવારને સરકારી સહાય મળી રહી છે.ગરીબ પરીવારોના કાચા આવાસ ભૂતકાળ બની રહ્યા છે. સરકારી સહાય થકી ગરીબોના મકાન હવે પાકા બન્યા છે.

### તાલુકા કોંગી પ્રમુખ મનીષ ભંડેરીનું નિવેદન

## જંગલખાતુ તેના હિંસક પ્રાણીઓને પોતાની હદમાં રાખે નહિ તો ખેડૂતો હથિયાર ઉપાડવા મજબૂર થશે.

### અમરેલી જીલ્લામાં હિંસક પશુઓથી ફફડાટ ફેલાયો



અમરેલી, તા. ૫

છેલ્લા ઘણા સમયથી અમરેલી તાલુકાના ગામડાઓમાં ખેડુતો તથા ખેત મજૂરો ઉપર વન્ય હિંસક પ્રાણીઓ દ્વારા જીવલેણ હુમલાઓથી લોકોમાં ફફડાટ ફેલાણો છે, આવા હિંસક પ્રાણીઓ જેવા કે સિંહ–દીપડા જંગલ ખાતાની હદ પાર કરીને રેવન્યુ વિસ્તાર તથા ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરવા લાગ્યા છે, છતાં પણ જંગલ ખાતાના અધિકારીઓ હાથ પર હાથ રાખીને બેસી રહ્યા છે, સરકાર કે જંગલ ખાતા દ્વારા કોઈપણ પ્રકારની પરિણામ લક્ષી કામગીરી કરવામાં આવતી નથી, અમરેલી તાલુકાના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે અને અમરેલી તાલુકો સંપુર્ણ રીતે ખેતી ઉપર નિર્ભર છે, સાંપ્રત સમયમાં અમરેલી તાલુકાની ખેતી સંપૂર્ણપણે પરપ્રાંતિય મજૂરો ઉપર જ ટકી રહી છે, અને આ પરપ્રાંતિય ખેત મજૂરો વાડીમાં જ રહીને ખેતીકામ કરતા હોય છે, ત્યારે જંગલના હિંસક પ્રાણીઓ સિંહ–દિપડા દ્વારા ખેડૂતો, ખેત મજૂરો ખેતીકામ છોડીને જતા રહે તો ખેતી સાવ ભાંગી જશે અને ખેતી કામ કરવા માટે કોઈપણ તૈયાર થશે નહીં, માટે ખેતી, ખેડૂતો, ખેત મજૂરો અને અને તેના બાળકોને બચાવવા માટે જંગલ ખાતું તેના વન્ય હિંસક પ્રાણીઓને પોતાની હદમાં રાખે, જો જંગલ ખાતું વન્ય હિંસક પ્રાણીઓને પોતાની હદમાં નહીં રાખે તો ખેતી–ખેડત ખેત મજુરોને બચાવવા માટે મજબૂર થઈને ખેડૂતોને હથિયાર ઉપાડવા પડશે જેની નોંધ ગંભીરતા પૂર્વક સરકાર તથા જંગલ ખાતું લે તેવી ચીમકી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરીએ ઉચ્ચારી છે.

### ઘરનાં છોકરી ઘંટી ચાટેને પડોશીને આંટો

## લ્યો બોલો : કેન્દ્ર સરકારની કલ્ચર અને ટુરિઝમ યોજનાનો લાભ ગુજરાતને ન મળ્યો

### રાજયનાં ૩૪૮ તીર્થધામો ગ્રાન્ટથી વંચિત રહ્યાં

અમરેલી, તા.૫

આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે પ્રેસવાર્તા ને સંબોધતાં ગુજરાતપ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ જણાવ્યું હતું કે જે ભાજપાની કેન્દ્ર સરકાર ધર્મના નામે રાજનીતિ કરવાનું કયારેય છોડતી ના હોય ત્યારે તેમનો અસલી ચેહરો રાજયસભા ના જવાબ માં સામે આવ્યો છે. કેન્દ્ર સરકાર ના કલ્ચર અને ટુરિઝમ મંત્રાલય દ્વારા દેશના પવિત્ર મંદિરો માં સાંસ્કૃતિક પ્રવુત્તિ માટે ખાસ પ્રકારની કરોડો રૂપિયાની આર્થિક ગ્રાન્ટ આપવામાં આવે છે ત્યારે ગુજરાતના તીર્થસ્થાનો એક પણ રૂપિયો ફળવાયો નથી. કેન્દ્ર સરકારના મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતદ્વારા રાજયસભાના એક સવાલ ના જવાબ માં જણાવે છે કે છેલ્લા ૫ વર્ષ માં ૬ રાજય ના માત્ર ૧૨ જ મંદિરોને આ લાભ મળ્યા છે. ગુજરાત પવિત્ર યાત્રાધામ બોર્ડ હેઠળ ૩૪૮ જેટલા તીર્થસ્થાનો ગુજરાતમાં આવેલ છે તેમાં થી એક પણ તીર્થસ્થાન આ યોજનામાં સહાય મળેલ નથી. ગુજરાત રાજયમાં સોમનાથ, દ્વારકા જેવા મોટા તીર્થસ્થાનો, અંબાજી અને પાવાગઢ જેવા શક્તિપીઠો હોવા છતાં આ યોજનાની સહાય મળેલ નથી. કેન્દ્ર ના કલ્ચર અને ટુરિઝમ મંત્રાલય દ્વારા 'financial assistance for allied cultural activity 'ના હેડ હેઠળ ૧૨ મંદિરો ને ૯,૨૩૦૭,૬૪૯ રૂપિયા ફળવાયા છે. આ યોજનામાં ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, હિમાચલપ્રદેશ, મહારાષ્ટ્ર, જમ્મુ – કાશ્મીર અને હરિયાણા ના ૧૨ મંદિરો ને લાભ મળે છે, જયારે ૨૦ થી વધુ રાજયો ના તીર્થસ્થાનો ને આ યોજના ની સહાય નથી મળતી. આ યોજના હેઠળ ઈન્ડોર – આઉટડોર રોજબરોજ અને તહેવારોમાં લોક કલાકારો ને તીર્થસ્થાનોમાં સ્થાનિક રોજગારી મળી શકે છે પણ ગુજરાત ના લોકો આ લાભ થી વંચિત રહ્યા છે. ૧૨ મંદિરો માં ૫૪ લાખ થી ૯૦ લાખ સુધીની સહાય મળેલ છે ત્યારે ગુજરાતના મંદિરો ને એક રૂપિયો પણ ફલવાયો નથી. ભાજપા સરકાર ધર્મ ના નામે રાજનીતિ કરે, મત મેળવવા ના પ્રયાસ કરે પણ જયારે તીર્થસ્થાનો માટે કામ કરવાની વાત આવે ત્યાં નિષ્ફળ પુરવાર થાય છે. ગુજરાત ૧૫૦૦ ઉપર ના મંદિરો ને દબાણ ગણાવી ને નોટિસ આપી શકે પણ કેન્દ્ર સરકારની યોજના નો લાભ ગુજરાત ના મંદિરો દેવસ્થાનોને ના આપવી શકે. કેન્દ્રની ભાજપ સરકાર જોડે માંગ છે કે ગુજરાત ના પવિત્ર યાત્રાધામોમાં આ યોજનાનો તાત્કાલિક લાભ આપવામાં આવે જેથી કરી ત્યાં રોજગારી ઉત્પન્ન થાય અને ગુજરાત ના લોકો ને રોજગારી મળે.

## અમરેલી જીલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની કારોબારી બેઠક યોજાય




અમરેલી, તા.૫

અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ મહેન્દ્રભાઈ વિછીયાની અધ્યક્ષતામાં તા.૩ ને શનિવારના રોજ જિલ્લા કારોબારી બોલાવવામાં આવેલ હતી. આ બેઠકમાં અમરેલીના સાંસદ અને જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરિયા, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન ભીખાલાલ ધોરાજીયા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મિયાણી, નાયબ ડી.પી.ઈ.ઓ. સોલંકી, હિસાબી અધિકારી, ચૌહાણ, જિલ્લા શિક્ષણ સમિતિનાં તમામ સ્ટાફ, તમામ ઘટક સંઘના પ્રમુખ/મંત્રી, જિલ્લા હોદ્દેદાર, જિલ્લા કારોબારીસભ્યોવિશાળસંખ્યામાંહાજર રહ્યા હતા. આતકેમાન.સાંસદ ભરતભાઈ સુતરીયા અને ભીખાલાલ ધોરાજીયાય જીલ્લામાં શિક્ષણની ગુણવત્તા સુધારવા સૌ સાથે પ્રયત્નો કરવા પર ભાર મૂકયો હતો. ડી.પી.ઈ.ઓએ જણાવ્યું કે, જિલ્લામાં કોઈ કામ હાલ પેન્ડિંગ નથી અને ખૂબ જ સારી રીતે સંકલનથી કાર્ય થઈ રહ્યું છે. જિલ્લા પ્રમુખ મહેન્દ્રભાઈ વિછીયાએ સાંસદ તથા ચેરમેને OPS માટે કેન્દ્રમાં અને રાજયમાં રજુઆત કરવા વિનંતી કરી. જિલ્લા કારોબારીને હવે OPS અને અન્ય પડતર પ્રશ્નો માટે આગામી સમયમાં લડત આપવા તૈયારી રાખવા સૂચના આપવામાંઆવી.

આ તકે ખજાનચી ધર્મેન્દ્રભાઈ ધાધલ, સિ. કાર્યધ્યક્ષ પ્રમોદભાઈ કાનપરિયા, મહિલા હોદેદાર ભાવનાબેન પટેલ અને તમામ ઘટક સંઘ પ્રમુખ/મંત્રીઓએ સંગઠનને મજબૂત બનાવવા માર્ગદર્શન આપેલ હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન મહામંત્રી રસિકભાઈ મહેતા અને મહામંત્રી નિલેશભાઈ ઠુમર દ્વારા કરવામાં આવેલ.

## અમરેલી શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં શ્રાવણી સોમવારે ભગવાન શિવની આરાધના




અમરેલી, તા. ૫

અમરેલી શ્રીજી વિદ્યાર્થી ભુવન – સરસ્વતી વિદ્યાલય અમરેલીના વિદ્યાર્થીઓ દ્વારા ભગવાન શિવની માટીની પ્રતિમા બનાવી સુંદર પુષ્પો તથા બીલીપત્રોથી સુશોભિત કરી, દીપ પ્રગટાવી, ભાવ – ભકિતથી પૂજન અર્ચન કર્યુ હતું.શ્રાવણ માસના પ્રથમ સોમવારથી જ ભગવાન શિવની વિશેષ આરાધના શરૂ થાય છે. વિદ્યાર્થીઓ તથા શિક્ષકગણ દ્વારા ભગવાન શિવનું પૂજન કરવામાં આવે છે. સંસ્થાના શિક્ષક ગુણવંતભાઈએ ભગવાન શિવના પરિવાર તથા તેમનો મહિમા રસાળ શૈલીમાં કહેવાયો હતો. તેમજ ગોંડલીયાભાઈએ શિવનાં ભજન ગાઈને સમગ્ર વાતાવરણને ભકિત – ભાવથી ભરી દીધુ હતું. વિદ્યાર્થીઓએ શિવની સ્તુતિ કરી હતી. અને દીપ પ્રગટાવી શિવની આરતી કરી હતી.આ સંસ્થાના વિવિધ તહેવારોની ઉજવણી કરી વિદ્યાર્થીઓમાં સંસ્કાર ચિંતનનું કાર્ય તથા ભારતીય સંસ્કૃતિના મહાન વારસા, પરંપરાને યાદ કરાવવામાં આવે છે.સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસીયા તેમજ વિલાસબેન વઘાસિયાએ તમામ શિક્ષક મિત્રો તથા વિદ્યાર્થીઓના સુંદર કાર્યક્રમના આયોજન બદલ અભિનંદન આપ્યા હતાં. ખુબ જ ભકિતમય વાતાવરણથી કાર્યક્રમ સંપન્ન થયો હતો.

## સોમનાથ મહાદેવને વિશેષ બિલ્વપત્રનો શૃંગાર કરાયો



શ્રાવણ માસના પ્રથમ સોમવારની સંધ્યા પર સોમનાથ મહાદેવને વિશેષ બિલ્વપત્ર શૃંગાર કરવામાં આવ્યો હતો. સોમનાથ મહાદેવને શ્રાવણ શુકલ પ્રતિપદા એટલેકે એકમ પર સોમનાથ મહાદેવને જન કલ્યાણની પ્રાર્થના સાથે બિલ્વપત્ર શૃંગાર કરવામાં આવ્યો હતો. સોમનાથ મહાદેવને બિલ્વપત્રોથી શૃંગાર કરવાની પ્રથા ખૂબ જ પ્રાચીન અને પવિત્ર માનવામાં આવે છે. બિલ્વપત્ર ભગવાન શિવને અત્યંત પ્રિય છે અને તેમને બિલીપત્ર અર્પણ કરવાથી ભકતોને ત્રણ જન્મના પાપમાંથી મુકિત મળે છે. બિલ્વપત્રને ત્રિદેવનું પ્રતિક માનવામાં આવે છે. તેના ત્રણ પર્ણમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનું પ્રતિનિધિત્વ કરે છે. બિલ્વપત્રમાં શાંતિ અને શુદ્ધિના ગુણો હોય છે. તેના દર્શન અને સ્પર્શથી મન શાંત થાય છે અને આધ્યાત્મિકપ્રગતિ થાય છે. શૃંગારમાં બિલ્વપત્ર, ચંદન, ભસ્મ અને પુષ્પોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મંદિરના પૂજારીશ્રીઓ દ્વારા ૩ કલાક સુધી પ્રયત્નોથી સોમનાથ મહાદેવને આ વિશેષ શૃંગાર કરવાં આવ્યો હતો.

### શેલ ખંભાળિયા નથુરામ બાપુની જગ્યાનાં

## ગાદીપતિ મહામંડલેશ્વર મહંત ૧૦૦૮ શ્રી લક્ષ્મણદાસ બાપુ ગોંડલીયા બ્રહ્મલીન સિધાવ્યા

### પુ.બાપુની સમાધિ પૂજન અને તીર્થ ભોજન યોજાયું



અમરેલી, તા. ૫

સૌરાષ્ટ્રની પ્રાચીન દેહાણ જગ્યાઓ માની પીરાણા રૂપી જગ્યાએ એટલે સંત શ્રી નથુરામ બાપુની જગ્યા સિધ્ધ મહાત્મા લોહલંગરી બાપુના ૨૪ શિષ્યો માના પટ શિષ્ય નથુરામ બાપુ શેલ નદીના કાંઠે શેલ ખંભાળિયામાં ચેતન સમાધિરૂપ બિરાજમાન છે.

વર્તમાન મહંત ૧૦૦૮ શ્રી લક્ષ્મણદાસ બાપુ ગોરધનદાસ બાપુ ગોંડલીયા તારીખ ૩/૮/૨૦૨૪ ને શનિવારે બ્રહ્મલીન સિધાવ્યા. પૂજય બાપુનું જીવન સરળ અને સાદગી ભર્યુ સેવા રૂપી રહ્યું છે જગ્યાની પરંપરા વર્ષોથી જાળવી રાખી અને સેવક મંડળને સતજ્ઞાન પરોવી સતની પરિભાષા અને સેવાનું મહત્વ સમજાવ્યું છે. પૂજય બાપુનાં જીવનકાળ દરમિયાન જગ્યાની ઉતરોતર પ્રગતિનો ઉલ્લેખ વર્ણવીએ તો સંત શ્રી નથુરામ બાપુની દેરીનું શિખરબંધ મંદિર અને ચેતન સમાધિ ઉપર મૂર્તિ સ્થાપના કરી છે તથા અવારનવાર જગ્યામાં રામકથા તથા સંતવાણી ભાવ ભજન અને ધાર્મિક કાર્યો થાય છે. તથા વર્ષોવર્ષ ભવ્ય ગુઢપૂર્ણિમા ઉત્સવ ભજન અને ભોજન પણ થાય છે. સાથે રામ નામનો પ્રતાપ અને પાઠ પરંપરાના સંસ્કાર થકી સત્કર્મનો માર્ગ ઉજાગર કર્યો છે. આ જગ્યામાં અમરેલી પંથકના કાઠી સમાજ, આહીર સમાજ, રબારી સમાજ, ભરવાડ સમાજ, ચારણ સમાજ અને પટેલ સમાજનો ગુઢદ્વારો છે. અને સર્વસમાજ માટે આસ્થાનું કેન્દ્ર બન્યું છે. તથા વર્ષોજૂની ગુઢ શિષ્ય પરંપરાની ધારા વહેતી આવે છે. આમ ગુઢવર્ય સંત મહામંડલેશ્વર ૧૦૦૮ પૂજય લક્ષ્મણદાસબાપુની યાદ સદાય અમર રહેશે. તથા પૂજય બાપુની સમાધિપૂજન અને તીર્થભોજન કાર્યક્રમ યોજાયો.




## છેલ્લા ૧૦ દિવસ સુધી સફાઈની કોન્ટ્રાક્ટ પધ્ધતિ બંધ કરવાની માંગ કરતા

# સફાઈ કામદારો નાયબ દંડકનાં કાર્યલયમાં દોડી ગયા

**અમરેલીનાં જુના માર્કેટયાર્ડમાં આવેલ નાયબ દંડકનાં ''કર્તવ્યમ્'' કાર્યાલય સામે સફાઈ કામદારો ટોળે વળ્યા**

**નાયબ ડક કાર્યાલય ઉપર હાજર ન હોય યુનિયનનાં અગ્રણીઓએ તેમના મદદનીશને રજૂઆત કરી**

**યુનિયનનાં નેતાએ માંગ પૂર્ણ ન થાય તો ધારાસભ્ય અને સાંસદનો ઘેરાવ કરવાની ચીમકી ઉચ્ચારી**

**પોલીસનાં ધાડેધાડા નાયબ દંડકનાં કાર્યાલય ઉપર બંદોબસ્ત માટે ગોઠવી દેવાયા**




અમરેલી, તા. ૫
અમરેલી પાલિકા કચેરીનાં પટાંગણમાં છેલ્લા ૧૦ કરતાં વધુ દિવસથી સફાઈ કાર્યમાં કોન્ટ્રાકટ પધ્ધતિ બંધ કરવા સહિતની માંગને લઈને આંદોલન કરતાં ૨૦૦થી વધુ સફાઈ કર્મીઓએ આજે અમરેલીનાં ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરિયાનાં જુના માર્કેટયાર્ડમાં આવેલ ''કર્તવ્યમ'' કાર્યાલયે દોડી ગયા હતા. જો કે નાયબ દંડક હાજર ન હોય તેમના મદદનીશને રજૂઆત કરવામાં આવી હતી. આ તકે પોલીસનાં ધાડેધાડા ''કર્તવ્યમ'' કાર્યાલય ખાતે બંદોબસ્ત માટે ગોઠવી દેવાયા હતા. અમરેલીમાં સફાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

### નાગેશ્રી ગામે સેન્ટીંગ કામ કરતાં

# ખાંભાનાં મોટા બારમણ ગામનાં ૩૨ વર્ષિય યુવકનું દીવાલ પરથી પડી જવાથી મોત

**સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા**

અમરેલી, તા. ૫
ખાંભા તાલુકાના મોટા બારમણ ગામે રહેતા ખીમજીભાઈ હરિભાઈ પરમાર નામનાં ૩૨ વર્ષિય યુવક તા. ૪ના રોજ સવારે ૯:૩૦ નાગેશ્રી

અનુસંધાન પાના ૬ ઉપર




### બાબાપુરમાં ૭ વર્ષનાં બાળકને દીપડાએ ફાડી ખાતા રોષ

# હે રામ : અમરેલીનાં શહેરી વિસ્તારોમાં રખડૂ શ્વાન, આખલાઓ અને ગ્રામ્ય વિસ્તારમાં દીપડાનો હાહાકાર

**જો કે વન વિભાગે ગણતરીની કલાકોમાં દીપડાને કેદ કર્યો**



અમરેલી, તા. ૫
અમરેલી નજીક આવેલા બાબાપુર ગામની સીમમાં રહેતા અને મજૂરી કામ કરતાં શ્રમિકનાં સાત વર્ષનાં દીકરાને એક જંગલી દીપડાએ ફાડી ખાતા સમગ્ર પથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. વનવિભાગ દ્વારા દીપડાને પકડવા તાત્કાલિક પાંજરા મુકવામાં આવ્યા બાદ ૨૪ કલાકની જહેમત બાદ દીપડાને પાંજરે પૂર્યો હતો. અને માનવ ભક્ષી દીપડો પાંજરે પુરાઈ જતા સ્થાનીક લોકો રાહતનો દમ લીધો હતો.

આ બનાવમાં મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ અમરેલી તાલુકાના બાબાપુર ગૂરૂકુળની પાછળ વિપુલભાઈ ગોંડલીયાની વાડીમાં રહેતા બજેપાભાઈ દાખજીયા સોલંકીનો ૭ વર્ષનો બાળક આકેશ ગત તા. ૩ના રોજ સવારે ૮/૩૦ ના સમય દરમ્યાન બાબાપુર ગામની સીમમાં તેમની માતાના ખોળામાં સૂતા હોય તે દરમ્યાન જંગલી દિપડો આવી જઈ બાળક ઉપર અચાનક હુમલો કરી તેનું મોઢું મોમા પકડી લઈ થોડેક દૂર જઈ આખુ મોઢુ ચુથી નાખી તથા તેમજ છાતીના તથા હાથના ભાગે ગંભીર ઈજાઓ કરેલ અને ૧૦૮માં અમરેલી સરકારી દવાખાનામાં લાવતા ફરજ પરના ડોકટરે મરણ જાહેર કરેલ હતો.

અનુસંધાન પાના ૬ ઉપર







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)